# લોકક્રાંતિ

(સંપૂર્ણ ક્રાંતિ)

દાદા ધર્માધિકારી

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# લોકક્રાંતિ

DCK - 2008

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન
હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

# બે રૂપિયા

પ્રથમ આવૃત્તિ

પ્રત ૩,૦૦૦ ૧૮ જૂન, ૧૯૭૯

યજ્ઞ પ્રકાશન વતી ચુનીભાઈ વૈદ્યે

યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ થી છાપીને પ્રગટ કર્યું.

# પ્ર કા શ કી ય

તા. ૨, ૩, ૪ નવેમ્બર ૧૯૭૭ દરમ્યાન મુંબઈની છાત્ર-યુવા સંઘર્ષ વાહિનીના સભ્યો સમક્ષ અપાયેલાં પૂજ્ય દાદા ધર્માધિકારીનાં ભાષણો આ પુસ્તિકામાં સંગ્રહિત છે. સંપૂર્ણ ક્રાંતિ અર્થાત્ લોક-ક્રાંતિ માટે ભારોભાર ઉત્સાહ અને તમન્ના લઈને આવેલાં યુવક-યુવતીઓને પાયાની કેટલીક બાબતોનું જ્ઞાન હોવું જરૂરી હતું. એ પાયાની બાબતોને પાછી આજની પરિસ્થિતિ સાથે સાંકળી એમને કર્મની દિશા પણ ચીંધવી જરૂરી હતી. તે વિના એ ઉત્સાહ અને તમન્ના ક્ષણિક ઊભરો સાબિત થઈને રહી જાય. તેથી એ શ્રોતાઓને વિશેષરૂપે લક્ષ્યમાં રાખીને પૂ૦ દાદાએ જે ભાષણો કર્યાં તે યુવા વયના તેમ જ પ્રૌઢો સૌને માટે સમાનરૂપે જ્ઞાન-દાયક અને પ્રેરક છે. આમ છતાં યુવાનો માટે આ ક્રાંતિનું પાઠ્ય પુસ્તક છે એમ કહીએ તો જરાય ખોટું નથી. ગુજરાતી જનતાને દાદાનું સકારણ ઘેલું છે. દાદાની વાતને ખૂબ ઉત્કંઠાપૂર્વક સાંભળે છે. એટલે પૂ૦ દાદાના ૮૧ મા જન્મ દિને બહાર પડતી આ પુસ્તિકાને ગુજરાત સારી રીતે અપનાવી એમના પ્રત્યેનું ઉચિત ઋણજ્ઞાપન કરશે એનો અમને પાકો ભરોસો છે.

# લોકક્રાંતિ

કેટલાક શબ્દો બહુ ચલણી થઈ જાય છે. એટલે થાય છે એવું કે એના અર્થ તરફ ધ્યાન નથી રહેતું. ભાષામાં ઘણાખરા શબ્દો એવા જ હોય છે કે જેનો અર્થ કોઈ પૂછે તો આપણે કહી નહીં શકીએ. લાસ્કીએ પોતાના એક પુસ્તકમાં લખ્યું છે કે 'સામ્યવાદ' એ એક એવો જ શબ્દ છે. એ એક એવી ટોપી જેવો છે કે જેને બધા પહેરે છે, પરિણામે હવે એને પોતાનો આકાર રહ્યો નથી. આવા શબ્દોમાં એક શબ્દ ક્રાંતિ પણ છે. આવા શબ્દોને સમજવાની બહુ જરૂર પણ નથી હોતી. 'સ્વરાજ્ય' શબ્દ ચાલતો હતો ત્યારે કોઈ એની વ્યાખ્યા કરવા નહોતું ગયું. વ્યાખ્યાનો આગ્રહ કરવાવાળા જુદા ને સ્વરાજ્ય પ્રાપ્ત કરવાવાળા જુદા હતા. વ્યાખ્યા કરવાવાળાઓની વ્યાખ્યા હજીયે પૂરી નથી થઈ. કારણ, હજી તો સ્વરાજ્યની જ શોધ ચાલે છે. એવી જ વાત આ 'સંપૂર્ણ ક્રાંતિ'ની શોધની છે. એટલે આજે હું સંપૂર્ણ ક્રાંતિ પર નથી બોલવાનો, કારણ કે એ બહુ ઘસાઈ ગયેલો સિક્કો છે.

## લોકતંત્ર પૂરતું નથી, લોકસત્તા જોઈએ

આજે મેં વિષય લીધો છે 'લોક-ક્રાંતિ'. આ વિષય એટલા માટે લીધો કે રાજ્ય-ક્રાંતિ અને લોક-ક્રાંતિ વચ્ચે ભેદ છે. લોક-ક્રાંતિ થઈ શકી તો બાઈબલના પેલા વાક્ય—Everything will be added unto it—જેવું થશે. એટલે કે આપણે જો લોક-ક્રાંતિ સાધી શકયા તો ક્રાંતિનાં બધાં પરિમાણો એમાં સહજ આવી જશે. આજે ક્રાંતિની

શોધ જે છે તે એ કે લોકતંત્ર લોકસત્તાની દિશામાં કેવી રીતે ધપે ! મિત્રો, લોકસત્તાનું અધિષ્ઠાન જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી લોકતંત્ર ચરિતાર્થ નહીં થાય. આટલાં વરસોથી આપણા દેશમાં લોકતંત્ર છે, છતાં આપણે જોયું કે લોકતંત્રના સંદર્ભમાંથી જ અને લોકતાંત્રિક પદ્ધતિના નામે જ સરમુખત્યારી સ્થાપી શકાઈ. ન તો શસ્ત્રોની અથડામણ થઈ અને ન કોઈ લોહી રેડાયાં. તદ્દન શાંતિથી—ટાઢે કોઠે બંધારણીય પદ્ધતિને નામે આ દેશ પર સરમુખત્યારી લાદી દઈ શકાઈ. આનો અર્થ એ થયો કે કેવળ લોકતંત્ર પૂરતું નથી, લોકસત્તા હોવી જોઈએ. હવે એનો અર્થ શું ? લોકતંત્રનો અધિષ્ઠાતા કોણ હોવો જોઈએ ? અધિષ્ઠાતા એટલે He who represents sanction—સંમતિનો—આખરી આધારનો પ્રતિનિધિ. લોકતંત્રનો આખરી આધાર સૈનિક હોવો જોઈએ યા નાગરિક ? અધિષ્ઠાતા કોણ હોય ? જો એ આધાર સૈનિક બન્યો તો લોકતંત્રની અધિષ્ઠાતા-શકિત શસ્ત્ર-શકિત—બળ-પ્રયોગ હશે, લોક-સંમતિ નહીં હોય. આપણું જે લોકતંત્ર હતું તેનું અધિષ્ઠાન શસ્ત્ર-શકિત હતું, આજે પણ એમ જ છે. અને તેથી જ નાગરિકના મૂળભૂત અધિકારો છીનવી શકાયા. લોકતંત્રની અધિષ્ઠાત્રી શકિત શસ્ત્ર-શકિત ન હોત તો આમ બનવું અશકય હતું.

## બંધારણ અધિકાર આપી શકે, શક્તિ નહીં

બંધારણીય જોગવાઈ એક વસ્તુ છે અને વાસ્તવિક લોકસત્તા તદ્દન વેગળી વસ્તુ છે. બંધારણીય જોગવાઈ આપણને અધિકાર આપી શકે, પરંતુ એ અધિકારોનો ઉપયોગ કરવાની શકિત કોઈ પણ બંધારણ આપી ન શકે. એ શકિત તો લોકોમાં જગાડવી પડતી હોય છે. તેથી મેં કહ્યું કે આપણી ક્રાંતિ લોક-ક્રાંતિ હશે. લોક-ક્રાંતિ એટલે લોક માટે ક્રાંતિ એટલું જ નથી. લોક-ક્રાંતિ તો લોક માટે, લોકો દ્વારા—લોકોના પોતાના પુરુષાર્થથી સધાયેલી લોકોની ક્રાંતિ હશે.

આ દેશમાં આવી ક્રાંતિ લાવવી હશે તો દેશનો નાગરિક જાગૃત થવો જોઈશે.

## બે બકરા અને રાજ્યવાદ

આપણા દેશમાં નાગરિકે બે બલિના બકરા શોધી રાખ્યા છે કે જેના પર પોતાનાં ખરાં ખોટાં બધાં જ કામોની જવાબદારી ઠોકી બેસાડાય. એક છે ભગવાન ને બીજો છે સરકાર. દીકરાને શરદી થઈ ગઈ તો જવાબદારી ભગવાનની, અને નહીં તો સરકારની! એટલે ભગવાન પછી તરત જ બીજે નંબરે સરકાર આવે છે. પણ ઈશ્વર તો પરલોકમાં વસે છે એટલે હરીફરીને મુખ્ય સ્થાન સરકારનું જ થાય છે. આ જે બીમારી લાગુ પડી છે તેને મિસ રોબર્સને— Hypertrophy of the state—રાજ્ય-સંસ્થાનો અતિ વિસ્તાર કહીને વર્ણવી છે. રાજ્ય-સંસ્થાનું ફાલી જવું, અતિ વૃદ્ધ. નાગરિક જીવનના એકેએક પાસાંને, એકેએક પરિમાણને એ આવરી વળી છે. એનું પરિણામ સરકાર-નિર્ભરતામાં આવ્યું છે, સરકાર વગર નાગરિક જીવી જ ન શકે. હું આને મનુષ્યતાની હાનિ લેખું છું. એ કેવી રીતે?

## પોતાને માટે અને પોતાના પડોશી માટે જવાબદારી

દેવ અને પશુ યોનિઓ ભોગ-યોનિ કહેવાય છે. ભોગ-યોનિ એટલે જે કેવળ પોતાનાં કર્મોના ભોગવટા સારુ જ પેદા થાય છે તે. પણ મનુષ્યનું એવું નથી. એ તો પોતાનાં ખરાં ખોટાં કામો માટે જવાબદાર છે. અને આ જ મનુષ્યની શાન છે, ગૌરવ છે. મનુષ્યની વિશેષતા એ છે કે એ પોતાના જીવનને ફેરવી શકે છે. ભૂલ કરે પણ છે ને ભૂલ સુધારે પણ છે. એ ઇચ્છે તો નરકમાં પણ જઈ શકે ને ઇચ્છે તો સ્વર્ગમાં પણ જઈ શકે. અને હું પોતે એવું માન-નારાઓમાંથી છું જે એમ કહે છે કે માણસને નરકમાં જવું હોય તો તેમ કરવાની પણ એને આઝાદી હોવી જોઈએ. બીજાનું આપેલું

સ્વર્ગ પણ નરકથી બદતર છે. પોતાની મરજીથી સ્વીકારેલું નરક સ્વર્ગથી પણ બહેતર છે. આઝાદી એ જ મુખ્ય ચીજ છે, અને એ આઝાદીનો અનુભવ, એ સ્વતંત્રતાની અનુભૂતિ, સ્વાધીનતાનો પ્રત્યય દેશના નાગરિકને થવો જોઈએ. પણ એ ક્યારે થાય? જ્યારે એ પોતાના જીવન માટે પોતાને જવાબદાર ગણશે; પોતાના અને પોતાના પાડોશીના જીવન માટે જવાબદાર—આ છે માનવતા. મનુષ્ય પારસ્પરિક સંબંધોમાં જીવે છે. જ્યાં સંબંધ નથી ત્યાં જીવન પણ નથી. હું મારા જીવન માટે જવાબદાર અને મારા પાડોશીના જીવન માટે પણ જવાબ-દાર. આપણે સૌ એકબીજાના જીવન માટે જવાબદાર.

## સ્વતંત્રતાનો અર્થ

હવે આ સ્વતંત્રતા એટલે શું? સ્વતંત્રતા એવો સિક્કો છે જેની એક બાજુ પર ‘આઝાદી’ લખેલું છે ને બીજી બાજુ પર ‘જવાબદારી’ લખેલું છે. એ બે જુદી વસ્તુ નથી, અભિન્ન છે. જ્યાં નાગરિક બેજવાબદાર હોય ત્યાં રાજ્ય કદી પણ જવાબદાર હોઈ ન શકે. પછી તો બે જ જાતના લોક રહી જાય. એક તો રાજ્યાકાંક્ષી (સત્તાકાંક્ષી) અને બીજા સત્તાધારી. બન્ને સત્તાવાદી છે, રાજ્યવાદી છે. આ Statism—રાજ્યવાદ છે. રાજ્યવાદ એ એક વસ્તુ છે અને લોકસત્તા એ બીજી વસ્તુ—તદ્દન નિરાળી વસ્તુ છે. રાજ્યવાદ જેમ જેમ ઘટતો જશે, લોકસત્તા તેમ તેમ વિકસતી જશે.

## મૂડીવાદનાં બે સંતાન

બે જાતની લોકસત્તા છે. એકનું નામ મેં પાડયું છે ‘ઉમેદવારોની લોકસત્તા’ અને બીજીનું નામ છે ‘નાગરિકોની લોકસત્તા.’ ઉમેદ-વારોની લોકસત્તામાં લોકસત્તાનું લિલામ બોલાય છે. આપણી આ જે લોકશાહી છે તે feudalism અને capitalism—સામંતવાદ અને મૂડીવાદની બેટી છે અને તેથી એ ખૂબ મોંઘી છે—આજ સુધી મોંઘી પડતી આવી છે.

મૂડીવાદનાં બે સંતાન. એક તો લોકશાહી. એ એની લાડકી દીકરી છે કારણ કે એ વેચાઉ છે, ઊભે બજારે વેચાય છે ને ભાવ પણ એના ઊંચા છે. બીજું સંતાન છે સમાજવાદ. પણ એ દીકરો મૂળ નક્ષત્રમાં પાકયો છે; એટલે માર્કસેં ભાખ્યું કે એ મૂડીવાદનો grave digger—ઘોરખોદિયો છે.

## રાજા હરિશ્ચંદ્ર અને લોકશાહી

હવે આ લોકશાહી બજારમાં બેઠી છે તેને ત્યાંથી ઉઠાડવી છે. મૂડીવાદના સંદર્ભમાં લોકશાહી રહેશે ત્યાં સુધી લોકશાહી બજારમાં વેચાવાની છે. મરાઠીમાં એક નાટકકાર થઈ ગયા—કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર. એમણે હરિશ્ચંદ્રના જીવન પર એક નાટક લખ્યું છે—'સત્ત્વ-પરીક્ષા'. હરિશ્ચંદ્ર પોતાનું સર્વસ્વ વિશ્વામિત્રને દાનમાં દઈ ચૂકયા ત્યારે વિશ્વામિત્રે દક્ષિણા માગી. દાનની પરિપૂર્ણતા—સાંગતા દક્ષિણા વગર નથી થતી. રાજાએ પૂછયું, 'કેટલી દક્ષિણા જોઈએ?' વિશ્વામિત્રે જવાબ દીધો, 'એક હજાર મહોર!' રાજાએ કહ્યું, 'તારામતીનાં ઘરેણાં છે તે આપ્યાં!' વિશ્વામિત્રે આશ્ચર્ય દાખવતાં કહ્યું, 'કેવો છે રે તું? એ બધાં તો કયારનાં મારાં થઈ ચૂકયાં. તેં તો સર્વસ્વનું દાન દીધું છે ને! તારાં, રોહિતનાં, તારામતીનાં—બધાંનાં ઘરેણાંમાંથી હવે તારું કશું નથી રહ્યું.' હરિશ્ચંદ્ર વિમાસણમાં પડયા કે હવે શું કરું? મારી પાસે બચ્યું છે શું કે જે આપી શકું? વિશ્વામિત્ર એને રસ્તો દેખાડતાં કહે છે, 'એમ શું મુઝાય છે? નિરાશાની શી વાત છે? તું તો પુરુષાર્થહીન લાગે છે! અરે, ભગવાનનું દીધું આ સાડા ત્રણ હાથનું શરીર તારી પાસે છે અને છતાં ચિંતામાં પડી ગયો! એ શરીરનો ઉપયોગ કર!' એટલે હરિશ્ચંદ્રે વિચાર્યું, 'કયાંક જઈને પોતાની જાતને વેચું!' શરીરના બે જ ઉપયોગ હોય છે; શરીરથી મહેનત કરે અથવા તો એને વેચે! પણ વળી સવાલ થયો, હરિશ્ચંદ્ર પોતાને વેચે તો કયાં? પૃથ્વી આખી તો દાનમાં દઈ

વાળી હતી ! પણ આપણે ત્યાંના જૂના વિચારોમાં, ઈતિહાસમાં કેટલીક અનોખી વાતો પડી છે. એવી એક અનોખી વાત એ છે કે કાશી કોઈ પણ રાજાની રાજધાની કયારેય નહોતી. એ વિશ્વનાથની રાજધાની ગણાતી—આખી દુનિયાથી અલગ. એટલે એ દેવનગરી કહેવાતી. ત્યાંની લિપિ દેવનાગરી અને ત્યાંની ભાષા દેવભાષા ! એટલે હરિશ્ચંદ્ર તો પહોંચ્યા કાશી અને ત્યાંના બજાર વચ્ચે જઈને ઊભા—પોતાને વેચવા માટે. લોક મંડયું પૂછવા—'શું કામ કરતાં આવડે છે ?' રાજા બોલ્યો, 'કામ ? હું તો રાજા હતો, રાજ્ય કરી શકું છું, જેને રાજા જોઈતો હોય તે મને ખરીદે !'

આપણી આજે આ જ હાલત છે. જે લોકો સાર્વજનિક જીવનમાં નેતા છે, એમની એ જ હાલત છે. નેતા કયાંય એ રીતે જાય તો લોકો પૂછશે, 'શું આવડે છે ? નામું લખતાં આવડે છે ? ટાઈપ કરતાં આવડે છે ? શું આવડે છે ?' ત્યારે શું જવાબ દેશે ? 'મને તો ખાલી નેતાગીરી કરતાં આવડે, જેમને નેતાની જરૂર હોય તે મને ખરીદે.' ત્યારે લોકો કહે છે, 'તારે માટે તો ભાઈ બે જ રસ્તા છે, મિનિસ્ટર બનો, નહીં તો ભિખારી બનો ! ત્રીજો કોઈ રસ્તો નથી.'

આપણે મૂળ વાત પર આવીએ. રોહિતાશ્વ એની માને પૂછે છે, 'મા, માણસ વેચવો એટલે શું ? માણસ વેચાય ?' મા આંસુ ખાળતાં કહે છે, 'બેટા, તને નહીં સમજાય. હજી તારી ઉમ્મર કાચી છે, સમજવા જેવી નથી !' મિત્રો, જયાં ઇન્સાનનું વેચાણ થાય છે ત્યાં ભગવાન પણ વેચાય છે. આ છે મૂડીવાદની વ્યવસ્થા. મૂડીવાદી વ્યવસ્થામાં માત્ર વસ્તુ યા જમીન જ નથી વેચાતી, એમાં તો ઇન્સાન પણ વેચાય છે, ને ભગવાન પણ વેચાય છે !

## ગણપતિ ને ઉંદર સરખા

શાહુકાર હતો, પણ નસીબનું પાંદડું ફર્યું ને હાલત ખાખી બંગાળ જેવી થઈ ગઈ. નબળા દિવસો આવ્યા. ઘરમાં એક સોનાની

મૂર્તિ હતી, ગણપતિની. મૂર્તિ લઈને એ તો ગયો ઝવેરી બજારમાં. ચોકસીને પૂછ્યું, 'શું ભાવ લેશો?' જૂના જમાનાની વાત છે, ઝવેરીએ કહ્યું, '૨૫—પચ્ચીસ રૂપિયે તોલો.' પેલો માણસ કહે છે, 'એ તો ગણપતિ સાથે જે ઉંદર છે તેનો ભાવ તમે કહ્યો, પણ ગણપતિની મૂર્તિનો શું ભાવ આપશો?' ઝવેરીએ કહ્યું, 'આયે સોનું ને એયે સોનું. સોનાનો ઉંદર ને સોનાના ગણપતિ. એક જ ભાવ!' પેલો ગરમ થઈ ગયો, 'તને કંઈ ભાન બાન છે? વિવેક વિચાર છે? કેવી વાત માંડે છે? આ ગણપતિ તો દેવ છે દેવ, ને ઉંદર તો ક્ષુદ્ર જંતુ છે! તને તે અકકલ છે કે બન્નેના સરખા ભાવ ગણાવે છે? ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા!' ઝવેરીએ સામું ટાઢે કોઠે સંભળાવ્યું, 'ગણપતિ દેવ હોત તો મંદિરમાંથી નીકળી અહીં બજારમાં ન આવત! અને ઉંદર ક્ષુદ્ર જંતુ હોત તો તેનો પણ અહીં ભાવ ન થાત! બજારમાં આવ્યા એટલે ગણપતિ ગણપતિ ન રહ્યા ને ઉંદર ઉંદર ન રહ્યો!' ટૂંકમાં હું કહેવા એ માગતો હતો કે આપણી લોકશાહીમાં દરેક વસ્તુના ભાવ બોલાય છે. આપણે મંદિરોમાં જે મૂર્તિઓ પધરાવીએ છીએ તે બધી જયપુરના બજારમાંથી ખરીદીને લવાતી હોય છે. ત્યાં એના પણ ભાવ થતા હોય છે.

## મૂડીવાદનો સંદર્ભ બદલવો પડશે

મિત્રો, માણસ વેચાશે ત્યાં સુધી લોકશાહી પણ વેચાશે. માટે આપણે મૂડીવાદનો સંદર્ભ બદલવો પડશે. એ સંદર્ભ નહીં બદલાય ત્યાં સુધી લોક-ક્રાંતિ ચરિતાર્થ નહીં થાય.

### ભારતના ત્રણ ચમત્કાર

પરંતુ છેલ્લી લોકસભાની ચૂંટણી પછી એક આશા બંધાઈ છે. આપણો દેશ ચમત્કારોનો દેશ છે. એવા ચમત્કારો દુનિયામાં બીજે ક્યાંય જોવા નથી મળતા. બર્નાર્ડ શૉ ભારત આવ્યો ત્યારે કોઈકે એને

પૂછ્યું, 'અહીં શું જોવા આવ્યા છો?' એણે કહ્યું, 'બે ચીજો જોવા આવ્યો છું, એક તાજમહેલ અને બીજો ગાંધી. આ દેશમાં એ બે ચમત્કાર છે.' પણ એ પહેલાં અને પછી આ દેશમાં બીજા કેટલાયે ચમત્કાર થઈ ચૂકયા છે. એક ચમત્કાર તે ભારતની પરાધીનતા. છ હજાર માઈલ છેટેથી દોઢ લાખ માણસો આવ્યા. અને એમણે ૩૦ કરોડ લોકો પર ૧૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું! એક અંગ્રેજ લેખકે લખ્યું છે કે ગફલતમાં ને ગફલતમાં આપણે અડધી દુનિયા પર ફેલાઈ ગયા ને રાજ્ય કરવા લાગી ગયા. મેટ્રિક ભણતો હતો ત્યારે મેં આ વાકય વાંચ્યું હતું. એ વાંચી મને થયું હતું કે ગફલતમાં જ બ્રિટનને ભારતનું રાજ્ય મળી શકે તો ભારતને તો ત્રણ લોકનું રાજ્ય મળવું જોઈએ. કારણ, આપણા જેટલા ગફલત-બહાદુર દુનિયામાં બીજે કયાંય નહીં હોય. બીજો ચમત્કાર તે કેરળમાં મતદાન પદ્ધતિથી સામ્યવાદી સરકારની રચના થઈ તે. દુનિયામાં આજ સુધી કયાંય પણ સામ્યવાદી સરકાર મતદાનથી સત્તા પર નથી આવી. ત્રીજો ચમત્કાર માર્ચ (૧૯૭૭)ની ચૂંટણીમાં થયો. એમાં આ દેશની જનતાએ પોતાનું સત્ત્વ પ્રકટ કર્યું. આ પણ એક અનોખી વાત બની. જે પરિસ્થિતિમાં માણસ વેચાતો હોય છે તે પરિસ્થિતિમાં આ દેશના ભૂખા, નાગા ને નિરાધાર માણસે પોતાનો મત વેચ્યો નહીં. એણે જોયું કે કટોકટીની આડશમાં મારી જિંદગી સાથે ચેડાં થઈ શકે છે, મારી જિંદગી મારી રહી શકતી નથી. છંછેડાઈને એણે કટોકટીની લાદનારી સરકારને હટાવી દીધી.

## તો જાણજો કે દેવાળું ફૂંકયું છે

વળી એ ચર્ચા—વાદવિવાદ વ્યર્થ છે કે પહેલાં રોટી કે પહેલાં આઝાદી. શું બન્નેની જરૂરત સાથે સાથે નથી? રોટી માટે આઝાદીનો સોદો થઈ શકે ખરો? માનવને રોટી ને આઝાદી સાથે નહીં આપી શકીએ તો નક્કી જાણજો કે માણસની બુદ્ધિએ દેવાળું કાઢ્યું છે.

માનવને એના પુરુષાર્થથી એ બન્ને વાનાં સાથે મળે એટલું પણ આપણે શોધી શકતા નથી ?

આજે દેશમાં ભીષણ પરિસ્થિતિ ઊભી થઈ છે. સરકાર પર કોઈ વિશ્વાસ નથી રહ્યો. પણ બાકી જે બિનસરકારી સંસ્થાઓ છે તેમના પર તો સરકાર કરતાંય વધારે અવિશ્વાસ થઈ ગયો છે. એમ જુઓ તો સરકાર પર નાગરિકને ઓછામાં ઓછો અવિશ્વાસ છે. એટલે મેં સરકાર-નિર્ભરતા શબ્દ વાપર્યો. જ્યાં સુધી સત્તા મારફતે પરિવર્તનની પ્રક્રિયા ચાલશે ત્યાં સુધી સત્તાની હોડ ચાલતી રહેવાની અને લોકશાહી ઉમેદવારોની લોકશાહી બની રહેવાની, એ નાગરિકોની નહીં થાય. પક્ષ આખરે છે શું ? સંગઠિત ઉમેદવારી—Organised candidature—એનું જ નામ પક્ષ છે ને ? મેદાનમાં ઉમેદવાર જ ઉમેદવાર હોય ત્યાં નાગરિકનું શું સ્થાન ? એક વાર વોલ્ટેર ગાડીમાં બેસી પેરિસ શહેરમાં પ્રવેશી રહ્યો હતો. જકાત નાકા પરના માણસે નજર નાખી કે કોઈ ગેરકાયદે વસ્તુ તો એમાં નથી ! વોલ્ટેર બડો મજાકી હતો. એણે મજાક કરી–There is nothing contraband except myself—ગાડીમાં ગેરકાયદે વસ્તુ કોઈ હોય તો તે હું જ છું, બીજું કશું નથી. તેવી રીતે ઉમેદવારોની ભીડમાં કોઈ વિદેશી તત્ત્વ, કોઈ ગેરકાયદે વસ્તુ હોય તો તે મતદાતા જ છે. એણે તો ફક્ત રાજકર્તા પસંદ કરીને ખસી જવાનું. એક જણે એક વાર સભામાં મને સવાલ કર્યો કે ગાંધીજી તો રામરાજ્યની વાતો કરતા હતા પછી તમને રાજ્યકર્તા શા માટે ખટકે છે ? એને બિચારાને ખબર નહીં કે ગાંધીનું રામરાજ્ય એટલે કોઈ દશરથના બેટાનું રાજ્ય નહીં. રામરાજ્યનો સૌથી મોટો મહત્ત્વનો ગુણ એ હતો કે ગાદીના હકદાર—અધિકારી તો બધા જ હતા. રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન ચારેને ગાદી ધરવામાં આવી પણ એમાંથી એકે ઉમેદવાર ન નીકળ્યો. તો જ્યાં હકદાર બધા, પણ ઉમેદવાર કોઈ નહીં તે થયું

રામરાજ્ય. અને જ્યાં જેટલા હકદાર એટલા બધા જ ઉમેદવાર એ થયું હરામ રાજ્ય! આ છે ઉમેદવારોની લોકશાહી! માટે આપણે સારુ એ કલ્યાણકારી નથી, એમાં નાગરિકના પુરુષાર્થ માટે અવકાશ નથી.

હવે આજે નાગરિકની શોધ થઈ રહી છે. આપણા દેશમાં કોઈ નાગરિક છે પણ ખરો? તમને સવાલ તો વિચિત્ર લાગશે, પણ હું એ સવાલ મારી જાતને પણ પૂછું છું.

આ દેશમાં ચાર પ્રકારની નાગરિકતા છે:

(૧) **સાંપ્રદાયિક નાગરિકતા.** તમે કોણ છો? એના જવાબમાં હું ભારતીય છું એમ કોઈ નથી કહેતું, પણ હું હિંદુ-ભારતીય છું, મુસ્લિમ-ભારતીય છું એવા જવાબ મળે છે. એક ડૉક્ટર આલમ હતા, મુસલમાન. લાહોરના બેરિસ્ટર હતા. એ દિવસોમાં મૌલાના મહમદઅલીએ એક વાત કહી હતી કે 'હું પહેલાં મુસલમાન છું અને પછી હિન્દુસ્તાની છું.' આ પરથી કોઈએ મૌલાના આલમને સવાલ કર્યો, 'તમે પહેલાં મુસલમાન છો કે પહેલાં હિન્દુસ્તાની?' જવાબમાં આલમે કહ્યું, 'તને સવાલ પૂછતાં નથી આવડતો! સવાલ તો આમ પુછાય કે તું પહેલાં તારી માનો દીકરો છે કે તારા બાપનો દીકરો છે? મારો જવાબ એ રહેશે કે હું મારી માનો પણ છું અને મારા બાપનો પણ છું. બન્નેનો છું, તેથી જ આલમ છું, અને તેથી જ ઇન્સાન છું.' પણ બધે એમ નહોતું. પ્રારંભમાં કહ્યું તેમ Denominational Citizenship–સાંપ્રદાયિક નાગરિકતાની જ વાત ચાલી. એવા લોકોનાં સૂત્રો છે 'ઇસ્લામિયત એ જ કૌમિયત,' અને 'હિન્દુત્વ એ જ રાષ્ટ્રીયત્વ.' આમાંથી પાકિસ્તાન જન્મ્યું અને પંજાબી સૂબાની ઘટના પણ થઈ. આ થઈ એક પ્રકારની નાગરિકતા.

(૨) બીજી નાગરિકતા છે–Hyphenated Citizenship—**સામાજિક નાગરિકતા.** બે શબ્દને જોડવા માટે વચ્ચે એક આડી નાની

લીટી મૂકવામાં આવે છે, એને હાઈફન કહે છે. કોઈને પૂછશો કે તું કોણ છે તો જવાબ મળશે—હું મહારાષ્ટ્રીયન-ભારતીય છું, હું અસમિયા-ભારતીય છું, હું બંગાળી-ભારતીય છું વગેરે. 'હું ભારતીય છું' એવો—એટલો જ જવાબ નહીં મળે. દેશની ક્ષેત્રીય અને ભાષાકીય અથવા સાંસ્કૃતિક અસ્મિતાઓ છે. તેમાંથી આપણે ત્યાં બહુરાષ્ટ્રવાદ—મલ્ટિ-નેશનાલિઝમ પેદા થયો.

(૩) **ગૌણ નાગરિકતા**—Secondary citizenship એટલે કે બીજા નંબરની નાગરિકતા. એક પ્રદેશમાં બીજા કોઈ પ્રદેશના લોકો રહેતા હોય તો તે ત્યાં ગૌણ નાગરિક છે. અને સ્ત્રીઓ તો આખા દેશમાં ગૌણ નાગરિક છે. એ તો નાગરિક જ નહીં, ગૌણ માનવ પણ છે. હજી સુધી સ્ત્રી માનવ બની જ નથી. આ એક હકીકત છે, પછી ભલેને એ વડાપ્રધાન પદ સુધી પહોંચી ગઈ હોય.

(૪) **આંશિક નાગરિકત્વ**—Fractional citizenship જેને પૂરા આદમીમાં જ ન ગણ્યા, એક અંગ, ટુકડા જેવા ગણ્યા તે આદિવાસી, અસ્પૃશ્ય, વસવાયાં વગેરે.

આ જાતની નાગરિકતાઓ આ દેશમાં હશે ત્યાં સુધી જે ખરી નાગરિકતાની બંધારણમાં વ્યાખ્યા કરવામાં આવી છે તે ચરિતાર્થ નહીં થાય. બંધારણમાં કહ્યું છે—સંપ્રદાય-નિરપેક્ષ, ભાષા-નિરપેક્ષ, જાતિ-નિરપેક્ષ, સ્ત્રી-પુરુષ-ભેદ-નિરપેક્ષ એવી નાગરિકતા હશે. આને જ સેક્યુલર ( ધર્મ-નિરપેક્ષ, ઈહલોકી ) કહે છે. જ્યાં સુધી ઉપર ગણાવી તેવી ચાર જાતની નાગરિકતાઓ હશે ત્યાં સુધી આ દેશમાં રાષ્ટ્રીયત્વનો પણ વિકાસ નહીં થઈ શકે.

## રાષ્ટ્રીયતાના વિકાસની શરત

કોઈએ કહ્યું કે આપણો ~~[illegible] અદ્ભુત છે~~ અહીં વિવિધતામાં એકતા છે. હા, વિવિધતામાં એકતા જરૂર છે, પરંતુ આમાં ભાર

એકતા પર નથી, વિવિધતા પર છે. જે વિવિધતા એકતાને અનુકૂળ હોય તે તો ગૌરવાસ્પદ ગણાય. પરંતુ જ્યાં વિવિધતાનો ઉપયોગ એકતાને ખંડિત કરવામાં થાય ત્યાં વિવિધતા ગૌરવાસ્પદ નથી રહેતી. આપણે ત્યાં વિવિધતામાં એકતા છે, પરંતુ તેમાંથી રાષ્ટ્રીયતાનો વિકાસ નથી થયો.

બીજી પણ એક વાત તમને કહી દઉં. આપણે ત્યાં દેશભકિત છે, રાષ્ટ્રીયતા નથી. દેશભકિત એ દેશની ભૂમિ માટેનો પ્રેમ છે—Patriotism is love of land. અહીંનો પાકિસ્તાનવાદી પણ જમીનને તો ચાહે જ છે; અહીંનો મૂડીવાદી, જમીનદાર, નફાખોર, કાળા બજારિયો —બધા જ જમીનને ચાહે છે. એ દેશભકિત, દેશપ્રેમ છે, પરંતુ રાષ્ટ્રીયતા નથી. તો રાષ્ટ્રીયતા કોને કહેવી? The existence of a nation is a daily plebiscite, just as the existence of an individual is a continual affirmation of the will to live—દરેક શ્વાસની સાથે માણસ જીવવાનો સંકલ્પ વ્યક્ત કરે છે; તેવી જ રીતે જે ધરતીના વાસી એક સાથે જીવવા અને રહેવા માગતા હોય ત્યાં રાષ્ટ્રીયતા છે. આ ન હોય ત્યાં રાષ્ટ્રીયતા નથી. આ વાત બરાબર સમજી લેવી જોઈશે.

## બુદ્ધિજીવી, બુદ્ધિવાદી, બુદ્ધિનિષ્ઠ

બધાએ કહ્યું, આ intellectuals— બૌદ્ધિકોની સભા છે. પરંતુ intellectuals are not always the intelligentsia— બૌદ્ધિકો એ જ બુદ્ધિજીવીઓ એમ નથી. બૌદ્ધિકોમાં ત્રણ પ્રકાર હોય છે: બુદ્ધિજીવી, બુદ્ધિવાદી અને બુદ્ધિનિષ્ઠ. બુદ્ધિજીવી, બુદ્ધિનો વેપાર કરે છે, જે પૈસા આપે તેના સ્વાર્થને અનુકૂળ એમની બુદ્ધિ ચાલે છે. બુદ્ધિવાદી સામાની બુદ્ધિને હરાવવા-પટકવા તાકતો હોય છે, બીજાની બુદ્ધિ પર એને વિશ્વાસ નથી હોતો. જ્યારે બુદ્ધિ-નિષ્ઠ પોતાની બુદ્ધિ કરતાં બીજાની બુદ્ધિ પર કંઈક વધારે ભરોસો રાખતો હોય છે.

હમણાં હું છાપામાં એક પુસ્તકની સમાલોચના જોતો હતો. લખ્યું હતું—Equality is a myth—સમાનતા કાલ્પનિક—મિથ્યા વસ્તુ છે. એના પરથી મને ઑરવેલની યાદ આવી. એણે બે પુસ્તક લખ્યાં છે. એકનું નામ છે '1984' અને બીજાનું નામ 'Animal Farm—એનિમલ ફાર્મ. આ એનિમલ ફાર્મ ચોપડી એટલી સારી લખાઈ છે કે એની સામે ગુલિવર્સ ટ્રાવેલ્સ તો સાવ ફીકી પડી ગઈ. નોબેલ પુરસ્કાર દેવાનું મારા હાથની વાત હોત તો હું તો એને નૉબેલ પુરસ્કાર જરૂર આપત. એની વાત હું મારા શબ્દોમાં મૂકું છું:

## પશુઓનું બંધારણ

પશુઓના એક ફાર્મ પર અનેક જાતના પશુઓ રહેતા હતા. અંદર અંદર એકબીજાની હત્યા ન થાય અને બધાં સંપીને રહી શકે તે માટે તે પશુઓએ પોતાનું બંધારણ ઘડવાનું ઠરાવ્યું. બંધારણ સમિતિ રચાઈ અને બંધારણનું આમુખ લખાયું. પછી બંધારણની પહેલી કલમ રજૂ થઈ: No animal shall kill another animal—કોઈ પણ જાનવર બીજા કોઈ પણ જાનવરની હત્યા નહીં કરે. ત્યાં બિલાડીએ વિરોધ કર્યો કે હું ઉંદર મારવા બંધ કરીશ તો ખાઈશ શું? ને વાઘે વાંધો લીધો કે શું મારે હવે પછી બકરા ખાવા બંધ કરી દેવા? એક પછી એક કેટલાય વાંધા આવી પડયા એટલે કલમં પર સુધારો આવ્યો: No animal shall kill another animal without cause—કોઈ પણ જાનવર બીજા કોઈ પણ જાનવરની કારણ વગર હત્યા નહીં કરે. થયું, આમ પહેલી કલમ ખતમ થઈ, કારણ કે મારવા માટે બહાનાં—કારણ તો બધાંને મળી જ રહે. કોઈ ખાવા સારુ મારે તો કોઈ ઝઘડાને કારણે.

બીજી કલમ રજૂ થઈ: All animals are equal—પ્રાણી માત્ર સરખાં છે. ગજરાજ ઊઠીને તાડૂકયા—' અલ્યા, તમે બધાં ગધેડા છો કે શું? હું ને આ ડુક્કર સરખાં?' ઘોડાએ વાંધો લીધો કે શું

એ ને ખચ્ચર સરખાં ? એમ વાંધાઓનો વરઘોડો આવ્યો એટલે કલમ સુધારી રજૂ કરવી પડી– All animals are equal but some are more equal than others–પ્રાણી માત્ર સરખાં છે, પરંતુ કેટલાંક પ્રાણીઓ બીજાંઓની તુલનામાં વધારે સરખાં છે. આમ સમાનતાની કલમ ખતમ કરી.

## બંધારણીય અને બંધારણ-બાહ્ય અધિકારો

ટૂંકમાં હું કહેવા એ માગતો હતો કે બંધારણ તો નાગરિકનું જ ઘડેલું હોય છે. બંધારણથી નાગરિકને જેટલા અધિકાર મળે છે, કેવળ એટલા જ અધિકાર નાગરિકના નથી હોતા. એના કરતાં વધારે અધિકાર નાગરિકને હોય છે. બંધારણે આપેલા અધિકાર ઔપચારિક હોય છે, પરંતુ તે ઉપરાંત નાગરિકને કેટલાક inherent–સ્વયંસિદ્ધ-અધિકાર હોય છે. અને એ અધિકાર એને મનુષ્યતા તથા નાગરિકતાને કારણે સહજ પ્રાપ્ત થાય છે. નાગરિકને આ વાત નહીં સમજાય, અને આ વાતનો પ્રત્યય નહીં થાય ત્યાં સુધી આ દેશમાં લોકતંત્ર યથાર્થ નહીં બને.

## ભ્રાંતિ-નિવારક આત્મ-પ્રત્યયકારી ક્રાંતિ

નાગરિકતાની શક્તિ શેમાં છે તેની શોધ થવી જોઈએ. આજે શક્તિનાં સ્થાન ત્રણ ગણાય છે. તખ્ત ( સત્તા ), તિજોરી ( સંપત્તિ ) અને તલવાર ( શસ્ત્ર-શક્તિ ). સરકાર, શાહુકાર ને સિપાઈ. સમાજમાં આજે આ ત્રણની પ્રતિષ્ઠા છે. ખરી રીતે એ ત્રણે સત્તાઓ મિથ્યા છે, એમાં ખરી શક્તિ જેવું કંઈ નથી. આપણે આ ત્રણે ફેરવી નાખવાં છે. આ સંકલ્પનું નામ છે ક્રાંતિ. વર્ગ સમન્વયની વાત નથી કહેતો, વર્ગ-નિવારણ જ ક્રાંતિ છે. એ સિવાય બીજી કોઈ બાબતને ક્રાંતિ કહી શકાય નહીં, ન કહેવાવી જોઈએ.

કોઈ રાજા પોતાની ગાદી નથી ઘડતો, કોઈ શાહુકાર પોતાની તિજોરી નથી ઘડતો અને કોઈ સિપાઈ પોતાની તલવાર નથી ઘડતો.

એ તમામ શ્રમિકની મહેનતથી અને ઓજારની મદદથી ઘડાય છે. સાચી શકિત ત્યાં છે. કોઈકે કહ્યું કે જયપ્રકાશજીની ક્રાંતિ ભ્રાંતિ છે. મિત્રો, ક્રાંતિ ભ્રાંતિ-નિવારણ માટે હોય છે. સમાજમાં આજે ભ્રાંતિ છે. જેનામાં શકિત નથી તે ભ્રમમાં રાચે છે કે એનામાં શકિત છે, અને જેનામાં શકિત છે તે પણ ભ્રમમાં છે કે એનામાં શકિત નથી.

## હવેની ક્રાંતિમાં ઓજારોની પ્રતિષ્ઠા થશે

ઓજાર વિના કોઈ પણ હથિયાર ઘડી શકાતું નથી. સૌ પ્રથમ આ વાત માર્ક્સ પામી શક્યા. એટલે હું એને ક્રાંતિનો પહેલો પેગંબર માનું છું. સૌ પ્રથમ એણે જ કહ્યું કે દુનિયામાં એક વખત એવો આવશે જ્યારે ન હથિયાર રહેશે, ન લડાઈ રહેશે. આ વાત કોઈ ધર્મ-સંસ્થાપકે નથી કહી, કોઈ વિચારકે પણ નથી કહી. એટલે આ વાત જરા વધારે ગંભીરતાપૂર્વક સમજવાની જરૂર છે.

ક્રાંતિનાં કેટલાંક પ્રતીક હોય છે. હું ત્રણ ઝંડાઓનો દાખલો આપું છું. કૉંગ્રેસ, સમાજવાદી અને સામ્યવાદી. એ ત્રણે ઝંડા પર કયાં પ્રતીક છે? કૉંગ્રેસનો ચરખો, સમાજવાદીઓનો આજકાલ હળ-ધર હોય છે અને સામ્યવાદીઓનું પ્રતીક છે દાતરડું ને હથોડો. લોકો કહે છે કે આ સામ્યવાદીઓ પોતાની ક્રાંતિની દાયણ હિંસાને માને છે. તો પછી એમણે પોતાના ઝંડા પર ગદા, ધનુષ્ય, કે તલવાર કે પિસ્તોલ કેમ ન રાખી? આનો અર્થ એ થયો કે હવેની ક્રાંતિમાં ઓજારોની પ્રતિષ્ઠા થશે, હથિયારોની નહીં.

આમાં કોઈ હિંસા-અહિંસાનો સવાલ નથી. હિંસા-અહિંસાની વાત છોડી દો. સદ્‌ગુણોને સિદ્ધાંત ન બનાવશો, નહીં તો પછી એ સિદ્ધાંતને નામે માણસ એકબીજાનાં ગળાં રહેંસશે, અહિંસાને નામે તલવારો ચાલશે, સદ્‌ગુણના સિદ્ધાંત—વાદ ન બનાવવા એ માનવ-જીવન માટેની એક શરત છે.

ઓજાર વગર તલવાર તખ્ત યા તિજોરી કશું જ બની શકતું નથી. પણ થયું છે એવું કે એ સૌને ઘડનારું ઓજાર આજે લાચાર બનીને બેઠું છે, દબાઈ ગયું છે. ઓજારનો ઝાલનારો આજે દુ:ખી છે, એને જગાડવાનો છે. એને કહેવાનું છે કે શકિત તો તારામાં છે, આ બધાં તો તારાં ઘડેલાં છે ! આ વાતનો એને પ્રત્યય કરાવવાનો છે. એને બદલે આપણે એને અવળું ઝલાવીએ છીએ કે તારી જીત તો ત્યારે થશે જ્યારે તારા હાથમાં તલવાર આવશે, તખ્ત આવશે ને તિજોરી આવશે. અરે, એના હાથમાં તખ્ત તિજોરી ને તલવાર આવશે તો એ પણ ગાદીપતિ, મૂડીવાદી, શાહુકાર ને સિપાઈ બની જશે, પછી એ ઓજારનો ઝાલનાર નહીં રહે. તે વખતે પછી ઓજારના ઝાલનારા પાછા હશે ત્યાંના ત્યાં રહેશે. માટે આ ક્રાંતિની એક શરત એ છે કે એ શાંતિમય હશે. અહિંસા કોઈ સિધ્ધાંત છે અને તેથી હું આમ કહું છું એમ નથી. એનું કારણ તો એ છે કે લોક-ક્રાંતિનું સાધન શાંતિમય હોવું જોઈશે. જે લોકો અશાંતિની, શસ્ત્રની વાત કહે છે તે લોકો કમ સે કમ એક સો વરસ પછાત છે; એ વિચાર અદ્યતન નથી. ક્રાંતિનો અદ્યતન વિચાર તે ગણાશે જે ઓજારોને અનુકૂળ હશે, તે ક્રાંતિ શાંતિમય થવાની. ક્રાંતિમાં સિપાઈ આગેવાન હશે—જેમ કટોકટીના કાળમાં હતો—તો જનતા દબાઈ જશે.

## હથિયાર જીવન હરે છે, ઓજાર જીવન દે છે

આજે વિદ્યાર્થીઓ વાઈસ ચાન્સેલરનો ઘેરાવ કરે છે, ચારે બાજુ અશાંતિ ને ઉપદ્રવ છે. મને થાય છે, એ બધા યુવાનો, વિદ્યાર્થીઓ કટોકટી વખતે કયાં હતા ? એમની તરુણાઈને તે વખતે શું થયું હતું ? મિત્રો, ઉપદ્રવો ને ઉથલપાથલથી ક્રાંતિ થતી નથી. વળી દુનિયામાં કયાંય કોઈ Pressure group—વર્ગીય માંગ કરનાર જૂથે ક્રાંતિ કરી નથી. વર્ગીય જૂથનો પોતાનો સ્વાર્થ સંકળાયેલો હોય

છે. ક્રાંતિ તો નાગરિક કરશે. એ પોતાના સ્વાર્થ માટે નહીં કરે, સૌને માટે કરશે. કારણ, એનામાં શકિત છે, એ જીવનની ઉપયોગી વસ્તુનો ઘડવૈયો છે. હથિયાર જીવન હરે છે, ઓજાર જીવનદાન દે છે. તેથી ઓજારની ક્રાંતિ હશે તે જીવન-દાયી ક્રાંતિ હશે, એ લોક-ક્રાંતિ હશે.

### રખે નાગરિક જયાંનો ત્યાં અટવાતો રહે

આને માટે યુવક-યુવતીઓની જરૂર છે, પણ પેલા યુવક-યુવતીઓ નહીં જે લોકોમાં આતંક—ભય પેદા કરે છે, બખેડા કરે છે. ક્રાંતિકારી આંદોલનની એક પરખ—ઓળખ તમને બતાવી દઉં. જે આંદોલનથી સાધારણ માણસ ભયભીત બને તે ક્રાંતિકારી આંદોલન નથી. આ બધા બખેડા—ઉપદ્રવોથી શું થશે, જાણો છો? એક રાજયને ઠેકાણે બીજું રાજય આવશે, અને નાગરિક બિચારો જયાંનો ત્યાં રહી જશે.

### સત્તાકાંક્ષા ને ઉમેદવારી છોડવી પડશે

નવું આવનાર રાજય જૂના ગયેલા રાજય પર દોષારોપણ કરશે, એમાંથી બને તેને દંડશે, પણ નાગરિક હતો ત્યાંનો ત્યાં રહી જશે. માટે નાગરિકની સત્તા ચરિતાર્થ થવી જોઈએ. એ કામ સારુ આવનાર તરુણ-તરુણી કયાંય ઉમેદવાર નહીં બને તે જરૂરી છે.

મિત્રો, આ દેશમાં જયપ્રકાશજીની મહત્તા અને જીવન જે રહ્યાં હશે તે હશે, પણ એટલું તો જગજાહેર છે કે આટલા મોટા કદનો એ જ એક એવો નેતા છે જે કદી ઉમેદવાર નથી બન્યો. અને તેથી જ એ લોકનાયક બની શકયા છે. પહેલાં તો એ એક પાર્ટીના નેતા હતા, પરંતુ પછીથી વિનોબાના આંદોલનની ભઠ્ઠીમાંથી નીકળીને એ લોકનાયક થઈ ગયા. જયપ્રકાશજીનું લોકનાયકત્વ એ વિનોબાજીના ભૂદાન આંદોલનનું વરદાન છે. એ પહેલાં એ લાલ ટોપીવાળા હતા. પણ હવે એ લાલ ટોપી કાઢી લેવાઈ છે, હવે એમના પર કોઈ પણ જાતનું લેબલ—છાપ નથી રહી. એમનું લોકનાયકત્વ સાફ નીખરી આવ્યું છે. હું કહેવા એ માગતો હતો કે જે તરુણ-

તરુણીઓને ક્રાંતિકારી બનવું હશે તેમણે સત્તાની આકાંક્ષા છોડવી પડશે અને એ લોકો ક્યાંય—કૉલેજમાં પણ ઉમેદવારી નહીં નોંધાવે.

હમણાં બિહાર ગયો હતો. ત્યાંની કૉલેજોમાં ચૂંટણીઓ હતી. એમના એક ઉમેદવારની જાહેર ખબર તો રેડિયો સીલોન પરથી પ્રસારિત થઈ. મને તો સમજાતું નથી કે આ બધું શું છે! લક્સના સાબુની જેમ ઉમેદવારો વેચાય છે. સિનેમા ને બધે જ ઠેકાણે એમની જાહેર ખબરો હતી. આ બધું છોડવું પડશે.

## બીજો છોડજો સંપત્તિ-આકાંક્ષા

બીજી છે સંપત્તિની આકાંક્ષા. બિહારમાં લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓની પરિષદ્ ભરાઈ. મને એ લોકોએ કહ્યું, અમારી પાસે ભૂમિ નથી કે ભૂદાન આપી શકીએ. સંપત્તિ નથી કે સંપત્તિદાન દઈ શકીએ. શાળામાં ભણીએ છીએ એટલે સમયદાન પણ દઈ શકીએ તેમ નથી. તો તેવા સંજોગોમાં અમે શું કરીએ? અમને કોઈ કાર્યક્રમ બતાવો. મેં કહ્યું, હું કાર્યક્રમ તો બતાવી શકું, પરંતુ તમને લોકોને ખોટું લાગશે, નહીં પાલવે. એ બધા કહે, ના, ના, ખોટું નહીં લાગે. મેં કહ્યું, તો એક કામ કરો. સૌ પોતપોતાના વાલીઓને લખી દો કે આજથી અમારો સંપત્તિ પર કોઈ અધિકાર નથી. એમનો સેક્રેટરી ગણગણ્યો, મેં ક્યાં ભૂલ કરી, આવા ખોટા માણસને બોલાવી લાવ્યો? ટૂંકમાં મિત્રો! સંપત્તિની આકાંક્ષા નહીં છોડો ત્યાં સુધી કશું નહીં વળે. ક્રાંતિનાં મૂલ્યો સૌ પ્રથમ તમારા જીવનમાં ચરિતાર્થ થવાં જોઈશે. સત્તા અને સંપત્તિની આકાંક્ષા છોડશો અને શસ્ત્રનો ભય છોડશો તો જ તમે ક્રાંતિ કરવામાં સફળ થશો. અહીં ફરી હરિશ્ચંદ્રના નાટકની યાદ આવે છે. હરિશ્ચંદ્ર ડોમને ઘેર નોકરી કરે છે. એ તો રાજા હતા. લાકડાં ચીરે તો કેટલાં ચીરે? ચીરતાં ચીરતાં થાકી જાય, કોઈ રીતે કામને પહોંચી વળાતું નહોતું. આમ રોજ કામ ઓછું થાય અને માથે કરજ ચડતું જાય. એક

દિવસ પેલો ડોમ આવ્યો અને હરિશ્ચંદ્રને કહેવા લાગ્યો, હરિશ્ચંદ્ર ! હવે તો તારા હિસાબમાં બે જ રોટલા બચ્યા છે. એના ભાગનો લોટ લઈ લે, ને હવે પછી તો તારે મફતમાં મજૂરી કરવાની રહેશે. હરિશ્ચંદ્ર તારામતી પાસે જાય છે ને કહે છે, " તારામતી, હવે બે જ રોટલા બચ્યા છે. તારે માથે આ બધી આફત લાવનાર અપરાધી હું જ છું. એટલે હવે મારી બાબત વિચાર કરવો પડશે. અને તારામતી, તેં મારી સાથે વિવાહ કરવાની ભૂલ કરી છે, તારે પણ એનું ફળ ભોગવવું રહ્યું. પણ, આ નાનકડો રોહિતાશ્વ, એનું બાપડાનું શું થશે ? હવે ભૂખના માર્યા એનો ચહેરો કરમાઈ જશે, મોઢા પર માખીઓ બણબણશે, ને એ બધું હું જોઈ નહીં શકું. તારામતી, હવે આ હરિશ્ચંદ્ર પણ ડગી જશે ! હું પોતાનું દુ:ખ તો વેઠી લઈ શકું, તારું દુ:ખ પણ જોઈ સહી શકું, પણ આ બાળકનું સંકટ નહીં જોવાય. આજે એને એક રોટલો આપીશું, કાલે અડધો, ને પરમ દહાડે અડધો. પછી ?" રોહિતાશ્વ આ બધું ધ્યાનથી સાંભળી રહ્યો હતો. એના હાથમાં આપેલો રોટલો હતો. એ કહે છે, " પિતાજી, મારા પેટને કારણે તમારા સત્યાચરણમાં અંતરાય આવે છે ને ! લો આ પેટ ફેંકી દીધું !" એમ કહીને રોટલો ફેંકી દીધો.

## તરુણ-તુલાએ તોલાશે જયપ્રકાશ

લોકનાયક જયપ્રકાશજીએ આવા જ તરુણ-તરુણીઓને આવાહન કર્યું છે. એવા તરુણ કે જે પોતાની જીવિકા છોડી દે, જે પેટ ફેંકી દેશે અને કહેશે, અમારું પેટ ક્રાંતિમાં આડે નહીં આવે. આ છે જયપ્રકાશજીનું આવાહન. એમને ૭૫ લાખ રૂપિયા આપશો એનાથી શું થશે ? સુવર્ણતુલા થશે. કૃષ્ણની પણ સુવર્ણતુલા થઈ હતી ને ? રુકિમણીનાં બધાં જ ઘરેણાં સામા પલડામાં મૂકયાં તોય કૃષ્ણનું પલડું ઊંચું ન જ થયું. પણ તુલસીનું એક પાન સામે મૂકયું કે તરત જ કૃષ્ણવાળું પલડું ઊંચકાયું. તેવી જ રીતે મુઠ્ઠીભર જ તરુણ કેમ ન હો,

પણ એ મુઠ્ઠીભર તરુણ જ્યારે આવશે અને ક્રાંતિના કામમાં જોડાઈ જશે ત્યારે ક્રાંતિ થશે.

જયપ્રકાશજી આને સંપૂર્ણ ક્રાંતિ કહે છે. હું સંપૂર્ણ ક્રાંતિને સર્વાંગીણ ક્રાંતિ કહું છું—Worldwide revolution from top to bottom in all realms of human consciousness—વિશ્વવ્યાપી, માનવ ચેતનાના છેક નીચલા થરથી માંડી ઠેઠ ઉપર સુધી બધે જ વ્યાપતી ક્રાંતિ. સંપૂર્ણ ક્રાંતિ તેને કહેવાય જેમાં પ્રતિ-ક્રાંતિ (Counter revolution) ની સંભાવના સાવ ઘટી જાય છે. સર્વાંગીણ ક્રાંતિ, સંપૂર્ણ ક્રાંતિ !

# ક્રાંતિની બારાખડી

તમારી સામે ક્રાંતિની કેટલીક પાયાની બુનિયાદી વાતો મૂકું છું. એને ક્રાંતિની બારાખડી જ સમજજો.

**આપણું ધ્યેય લોકતંત્રને લોકસત્તામાં પરિણત કરવું**

ગઈ કાલે ( ૨ નવેમ્બર '૭૭ ) મેં કહ્યું હતું કે આપણે લોકતંત્રના સંદર્ભમાં લોકતાંત્રિક ઉપાયો વડે લોકતંત્રને લોકસત્તામાં પરિણત કરવા માગીએ છીએ. લોકતંત્રનો અધિષ્ઠાતા નાગરિક હશે, સૈનિક નહીં; અને શાહુકાર તથા સરકાર તો કોઈ પણ હિસાબે નહીં.

**હવેની ક્રાંતિનો અધિષ્ઠાતા સામાન્ય માનવી**

સરકાર બહુ તો અનુકૂળ પરિસ્થિતિ પેદા કરી શકે. આજે જનતા સરકારને લીધે એવી અનુકૂળ પરિસ્થિતિ પેદા થઈ છે. પરંતુ લોક-ક્રાંતિને લાગેવળગે છે ત્યાં સુધી તો દુનિયાની કોઈ પણ સરકાર એ કરી ન શકે. લોક-ક્રાંતિની વિભૂતિ નાગરિક છે, અને એ જ આ ક્રાંતિનો અધિષ્ઠાતા અને અનુષ્ઠાતા પણ હોવો જોઈશે. એના જ પરાક્રમથી આ ક્રાંતિ થવી જોઈશે. હું કેવળ દિશા-સૂચન કરું છું. આપણે કઈ દિશામાં જવું છે, કઈ દિશામાં આપણે ડગ દેવાં છે, આગળ વધવું છે, તે આપણી સામે તદ્દન સ્પષ્ટ હોવું જોઈએ. મિત્રો, ક્રાંતિનો હેતુ, એનું ધ્યેય આપણી પકડમાં નથી હોતું, પણ આપણી પહોંચમાં જરૂર હોય છે. માટે પકડથી પહોંચની દિશામાં આગળ ધપવું એ જ ક્રાંતિની દિશામાં પ્રગતિ છે. આપણી પકડમાં હોય તેને આપણે અંગ્રેજીમાં

ફિઝિબલ યા પોસિબલ—શકય કહીએ છીએ. પણ જે પકડમાં આવી ગયું તે તો શકય થઈ જ ગયું. રાજનીતિ એ Art of the possible—શકય હોય તેટલું કરવાની કળા છે. પણ ક્રાંતિનું એમ નથી, એ તો Art of making impossible—અશકયને શકય બનાવવાની કળા છે. આજે જે અશકય લાગે છે તેને શકય બનાવવું, વ્યવહાર્ય બનાવવું એ ક્રાંતિની કળા છે. અને મેં કહ્યું તેમ એનો કરનારો પણ સામાન્ય મનુષ્ય હોવો જોઈએ. આજ સુધીના ઈતિહાસના ઘડવૈયા યા તો કોઈ સંત રહ્યા છે, યા કોઈ રાજા રહ્યા છે, યા તો કોઈ વીર રહ્યા છે; અને સાધારણ મનુષ્ય તો ઈતિહાસનું પાત્ર–વિષય જ રહ્યો છે. હવે આપણે એને ઈતિહાસનો ઘડવૈયો બનાવવા ઈચ્છીએ છીએ. આપણે એને ભાન કરાવવું છે, પ્રત્યય કરાવવો છે કે હવે ઈતિહાસનો ઘડવૈયો એ થવાનો છે. ઈશ્વરનો નવો અવતાર હવે સાધારણ મનુષ્યના રૂપમાં થશે. એના હાથમાં આયુધ નહીં, ઓજાર હશે. સાધારણ મનુષ્યનું પરાક્રમ શાંતિમય ઉપાયોથી જ પ્રકટ થઈ શકે. આ વાત પણ હું ગઈ કાલે તમારી સામે કહી ચૂકયો છું.

## હિંસક ઉપાયોનો નિષેધ શા માટે ?

હિંસક ઉપાયોથી સાધારણ મનુષ્યનું, નાગરિકનું પરાક્રમ પ્રકટ થઈ શકતું નથી. કારણ, સમાજમાં સિપાઈઓ તો થોડા જ હોય, બધા જ નાગરિક સિપાઈ બની જાય તો પછી સિપાહિયત–સિપાઈપણાની જરૂર જ ન રહે. સાધારણ માણસનું પરાક્રમ હિંસક ઉપાયોથી પ્રકટ નહીં થઈ શકે એમ કહ્યું તે શા માટે ? આનું મુખ્ય કારણ એક છે. બુલેટ ને બૅલેટ ( ગોળી ને મતદાન ) વચ્ચે ભેદ એ છે કે બુલેટ ( ગોળી ) થી આતંક પેદા થાય છે, ભય પેદા થાય છે. અને Fear is a dark room in which all negatives are developed—ભય એ એવી અંધારી કોટડી છે જેમાં બધી જાતના દુર્ગુણો પેદા થાય છે અને વિકસે છે. ભયના વાતાવરણમાં કોઈ પણ

સદ્‌ગુણનો વિકાસ ન થઈ શકે. કેવળ દુર્ગુણ જ એમાં વિકસી શકે છે. અને તેથી આપણે કટોકટીનો વિરોધ કર્યો હતો. મહાત્મા ગાંધીના જમાનામાં સામાન્ય નાગરિકનું પરાક્રમ પ્રકટ થયું હતું. નાગરિકની વાત કરું છું ત્યારે એમાં ભેગી સ્ત્રી પણ ગણવી. કારણ કે એ પણ નાગરિક બની ગઈ છે. એનું પરાક્રમ પણ પુરુષની બરાબરીમાં પ્રકટ થવું જોઈએ. એને પણ તક અને સુયોગ મળવાં જોઈએ. આ કેવળ શાંતિમય ઉપાયથી જ સંભવ છે.

શાંતિમય ઉપાય બે જાતના છે. એક છે બંધારણીય અને બીજો છે અતિ-બંધારણીય. આ બેમાંથી જે શાંતિમય હશે તેમાંથી નાગરિકનું પરાક્રમ પ્રકટ થશે. તેથી ક્રાંતિના સંદર્ભમાં જ્યાં ક્યાંય હિંસા થાય, પછી એ ગમે તે સ્તરની હો, સરકાર તરફથી થઈ હોય યા ગેરસરકારી હોય, આપણે એ હિંસાનો ફિટકાર અને વિરોધ કરવો જોઈએ. કારણ હિંસા ક્રાંતિને કેવળ પ્રતિકૂળ છે એમ નથી, એ ક્રાંતિની દ્રોહી છે. આ રીતે લલિતનારાયણ મિશ્રાની હત્યા હો યા ઈંદિરા ગાંધીની વિરુદ્ધ હિંસા આચરાઈ હોય તો પણ આપણે માટે એ નિષિદ્ધ છે, અને આપણે એનો ખુલ્લંખુલ્લા વિરોધ કરવો જોઈએ, ફિટકાર દેવો જોઈએ. કારણ, હિંસાના સંદર્ભમાં કોઈ પણ લોકક્રાંતિ સંભવ નથી.

## સંપૂર્ણ ક્રાંતિનાં બે પાસાં, આઠ આયામ

આપણે હવે ક્રાંતિના નવા આયામોનો વિચાર કરીએ. લોકક્રાંતિ અથવા સંપૂર્ણ ક્રાંતિનાં બે પાસાં છે અને બન્ને પાસાંના ચાર ચાર આયામ છે.

૧. સંદર્ભ પરિવર્તન — Change of context
૨. મૂલ્ય પરિવર્તન — Change of values
૩. સંબંધ પરિવર્તન — Change of Relationship

આમાં ગાંધીજીએ એક નવો આયામ જોડી દીધો, અને એ એમની આગવી દેણ છે—

૪. હૃદય-પરિવર્તન — Change of heart

બીજા પાસાના પણ ચાર આયામ છે :

૧. રાજનૈતિક ક્ષેત્રમાં ક્રાંતિ

૨. આર્થિક ક્ષેત્રમાં ક્રાંતિ

૩. સામાજિક ક્ષેત્રમાં ક્રાંતિ

૪. સાંસ્કૃતિક ક્ષેત્રમાં ક્રાંતિ

## આર્થિક લોકતંત્ર વિના કેવળ રાજકીય લોકતંત્ર નિરર્થક

આ બધાને એક સાથે લઈને કેટલાક વિચાર તમારી સામે રજૂ કરીશ. આર્થિક ક્ષેત્રની ક્રાંતિને લઈને કેટલીક પાયાની વાત પહેલાં કહું છું. જ્યાં સુધી લોકતંત્ર રાજનૈતિક ક્ષેત્ર પૂરતું મર્યાદિત રહે છે ત્યાં સુધી એ નિર્જીવ છે. આર્થિક ક્ષેત્રમાં લોકતંત્ર નહીં લાવી શકો તો રાજનૈતિક લોકતંત્ર પણ સફળ નહીં થાય. એનો પુરાવો એ છે કે આ દેશમાં લોકતાંત્રિક સંદર્ભમાં જ કટોકટી આવી. એટલું જ નહીં, તે વખતની સંસદે એનું સમર્થન પણ કર્યું. આના પરથી સાવ સ્પષ્ટ થઈ ગયું કે એ નિર્જીવ અને ઔપચારિક લોકતંત્ર છે, વાસ્તવિક લોકતંત્ર નથી. વાસ્તવિક લોકતંત્ર લાવવું હશે તો આર્થિક લોકતંત્ર હોવું જરૂરી છે.

### પહેલી શરત છે — જીવનનિષ્ઠા

આર્થિક લોકતંત્રનું નામ છે સંયોજન. સંયોજન શાને માટે ? જીવન માટે. અને જીવન એટલે ? આ ધરતી પર જે કાંઈ જીવન છે—વનસ્પતિથી માંડી માણસ સુધી તે તમામ જીવનમાં આવી ગયું. આમ છતાં સંયોજન માનવ-કેન્દ્રિત હોવું જોઈએ એમ માનીને આપણે ચાલી શકીએ. માનવ-કેન્દ્રિત સંયોજન માટે પહેલી નિષ્ઠા છે જીવન-નિષ્ઠા — જીવનની એકતા. જીવન માત્રની એકતામાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ.

એક અંગ્રેજ તત્ત્વજ્ઞાનીએ આ જીવન-નિષ્ઠાને બહુ સરળ ભાષામાં વ્યક્ત કરી છે: એક પણ મનુષ્યનું જીવન ક્ષીણ થાય છે, એની પ્રતિષ્ઠા ક્ષીણ થાય છે તો મારું જીવન ક્ષીણ થાય છે, મારી પ્રતિષ્ઠા ક્ષીણ થાય છે— આ છે માનવ-નિષ્ઠા. દરેક મનુષ્ય એક વિભૂતિ છે. અને સંબંધ વિનાનું જીવન નથી.

## માનવ પૂર્ણ છે, વિભૂતિ છે, આંક નથી

હું ઘણી વાર એક દાખલો આપતો હોઉં છું. ટૂંકમાં તમને પણ સંભળાવું. પિતૃપક્ષના દિવસોમાં હું ગયામાં હતો. ભૂદાનનો એ જમાનો હતો. એક દિવસ ટ્રેનમાં પટણા જવા નીકળ્યો. ત્યાંની મ્યુનિસિપાલિટીના સેક્રેટરી મારી સાથે હતા. એ મને કહેવા લાગ્યા, આ વખતે અમારે ત્યાં પિતૃપક્ષમાં ઘણી પ્રગતિ થઈ. ગયા વર્ષ સુધી સાડા સાત ટકા લોકો કૉલેરાથી મરતા હતા, પણ આ વરસે ફક્ત અઢી ટકા જ મર્યા. મારી બાજુમાં એક બહેન બેઠી હતી તેણે વાત સાંભળી રડવા માંડયું. એનો ભાઈ બાજુમાં જ બેઠો હતો. મેં એને પૂછયું કે બહેન કેમ રડે છે? પેલો ગરમ થઈને કહે, આ સેક્રેટરી શું ફેંકાફેંક કરે છે? એની મ્યુનિસિપાલિટીમાં માણસ અઢી ટકા મરતો હશે, મારી બહેનનો પતિ સો ટકા મરી ગયો. હરેક મનુષ્ય પોતાનામાં પૂરો પૂર્ણ હોય છે. પણ આંકડા માણસને અપૂર્ણાંક —ખંડિત બનાવે છે, આખા માનવ તરીકે નથી રહેવા દેતા. પેલી બહેન માટે તો એનો પતિ પૂર્ણ માનવ હતો. આખી દુનિયામાં એને માટે તો એ એક આદમી હતો — પૂરા સો ટકા. માનવ માત્ર પૂર્ણ એકમ છે, જીવ માત્ર પૂર્ણ એકમ છે, એને ટકાવારી બનાવી પૂર્ણાંક અને અપૂર્ણાંકની જેમ વિચારવું યોગ્ય નથી. પ્રત્યેક માનવ એક વિભૂતિ છે. માટે દરેક માનવ માટે, દરેક જીવ માટે આદરપૂર્વક વિચારવું જોઈએ. આંકડાની આડશમાં માનવની ઉપેક્ષા ન થવી જોઈએ.

## સંયોજનની પાયાની ત્રણ વાતો ધ્યાનમાં રાખો

માનવનો પૂર્ણ માનવ – વિભૂતિ તરીકે આદરપૂર્વક વિચાર, અને વસ્તુની વ્યવસ્થા – આ છે સંયોજન. આ સંયોજનમાં કેટલીક પાયાની વાતો આવવી જોઈશે. પહેલી વાત તો એ કે સંપત્તિ અને માલિકીના સંદર્ભમાં મનુષ્યનું વલણ બદલાવું જોઈશે. બીજી વાત, સંપત્તિને લઈને માણસ માણસ વચ્ચે જે સંબંધ બનવા પામ્યા છે તે ફેરવાવા જોઈશે. ત્રીજી વાત છે, મનુષ્ય અને બીજા જીવો તથા સૃષ્ટિ સાથેના સંબંધ. આ વાતને બે ત્રણ શબ્દોમાં મૂકવી હોય તો આમ કહી શકાય: આપણે કેટલીક વસ્તુઓનો પરિત્યાગ કરવો જોઈશે– એક હિંસા, બીજું માણસ માણસ વચ્ચેનો ભેદ અને ત્રીજું પ્રદૂષણ. આ ત્રણેને ટાળવા–કાઢવા માટે પ્રયત્ન કરવો જોઈશે.

આજે જે સંયોજન ચાલ્યું છે તે આપણને કયાં લઈ જઈ રહ્યું છે? એક ઘોડેસવાર સવારી કરવામાં ખૂબ જ કાબેલ હતો. એક દિવસ ઘોડા પરથી ઊથલી પડયો. પણ ઘોડો કેળવાયેલો હતો. પોતાના મોંથી માલિકને ઉપાડીને પીઠ પર નાખી હૉસ્પિટલ લઈ ગયો. બીજે દિવસે છાપાંમાં મોટાં મોટાં મથાળાં હેઠળ ઘોડાની વાત છપાઈ. આવો ઘોડો તો કયાંય જાણ્યો નથી! જાણે સરકસનો ઘોડો! સવારને ઉપાડીને હૉસ્પિટલ લઈ ગયો. લોકો તો ઘોડાના માલિકને શાબાશી આપવા પહોંચ્યા—વાહ ભઈ વાહ, તારો ઘોડો તો કમાલ છે! તને દવાખાને લઈ ગયો! પેલો માલિક બોલ્યો, હા, વાત ઠીક છે. ઘોડો ઘણો હોશિયાર છે, પણ ખબર છે શું થયું? નાલાયક મને જાનવરોની હૉસ્પિટલમાં લઈ ગયો. આજે આપણા સંયોજનના પણ આ જ હાલ છે. એ આપણને કયાં લઈ જઈ રહ્યું છે તે સમજવું જોઈશે. એમાં સાધારણ માણસની તો કોઈને પડી જ નથી. એ તો આંકડામાં અટવાય છે. મિત્રો, આપણે એ માનવીને શોધવાનો છે. આજે તો એ માણસ ક્યાંક ખોવાઈ ગયો છે ને ભગવાન સૂઈ ગયો છે.

બર્ટ્રાન્ડ રસેલે એક વાર લખ્યું હતું કે હું ભગવાનને તો માનું છું, પણ આ દુનિયા એણે બનાવી હશે એમ મન માનતું નથી— It seems to me that the Devil made this world when God was not looking—ભગવાનનું ધ્યાન નહોતું ત્યારે શેતાને આ દુનિયા બનાવી નાખી હશે. તેથી જ દુનિયા આવી છે, જેમાં સામાન્ય માણસની કોઈને કશી પડી જ નથી. કોઈ પણ લેબલ —છાપ વિનાના અને કોઈ પણ જાતના વાદ વિનાના—unlabelled and uncommitted—એવા સાધારણ માણસનું કંઈ જ ઠેકાણું નથી, એ ગણતરીમાં જ નથી. આ ક્રાંતિ, લોકક્રાંતિ એ માણસને ઢૂંઢે છે.

## ત્રણ પ્રકારની સમાનતા

રાજનૈતિક આઝાદી અને એમાંથી પ્રાપ્ત થતી સમાનતા માણસને મળી છે. સમાનતા, મેં કહ્યું તેમ ત્રણ પ્રકારની છે : કાનૂન સમક્ષ સમાનતા એટલે કે સમાન પ્રતિષ્ઠા. એનો માન મોભો સમાન છે. ચોર ચોર છે, ચાહે એ બ્રાહ્મણ હો યા ભંગી, ચાહે કોઈ કરોડપતિ હો યા સ્ટેશન પરનો કૂલી, કાયદાની સામે સૌ સરખાં છે. તેવી જ રીતે મતદાન-સમાનતા. અંગ્રેજોના આગમન પહેલાં યા કહો કે લોકતંત્રની સ્થાપના પહેલાં આ સમાનતા નહોતી. અમીર હો યા ગરીબ, વૃદ્ધ હો યા યુવાન, સ્ત્રી હો યા પુરુષ, સૌને એક વોટ—મતનો અધિકાર. અને ત્રીજી સમાનતા છે દરેકને શિક્ષણના અધિકારની. આપણા દેશમાં આ સમાનતા — સૌને શિક્ષણના સમાન અધિકારની સમાનતા — કયારેય નહોતી. અંગ્રેજીમાં કહેવત છે ને —Even the darkest cloud has a silver lining!— કાળામાં કાળા વાદળાને પણ રૂપેરી કોર હોય છે. તેમ અંગ્રેજ રાજનાં આ ત્રણ વરદાન છે.

## પરિવર્તનની આકાંક્ષી ક્રાંતિકારી ચેતના જગવવી છે

આર્થિક ક્ષેત્રમાં શું કરવું પડશે ? સંબંધ-પરિવર્તન લાવવું પડશે.

આર્થિક ક્ષેત્રમાં ન કોઈ માલિક રહેશે, ન કોઈ મજૂર. એક માલિક ને બીજો મજૂર એ સંબંધ હવે નહીં ચાલે. આને સાદી રીતે કહેવું હોય તો એક માણસ વેચાય છે ને બીજો માણસ ખરીદે છે એવો સંબંધ હવે નહીં રહે. એ સંબંધ શી રીતે ખતમ કરવો તે આગળ કહીશ, હાલ તો કેટલીક પાયાની વાત કહી દઉં છું.

જે માણસ દબાયેલો છે, પછાત છે, કશી ગણતરીમાં નથી એવો જે છે એના પરાક્રમથી આ સંબંધોમાં પરિવર્તન લાવવું છે. કારણ, જે વિપત્તિમાં પડયો છે તેને સમાજ-પરિવર્તનની જરૂરત છે. જે સુખી છે તેને પરિવર્તનની શી પડી છે? પરંતુ થયું છે એવું કે જે સંકટમાં છે, દુઃખમાં છે એને પરિવર્તનની જરૂરત છે એવું જ્ઞાન જ નથી. સમાજ બદલાવો જોઈએ એ વાત એને ઊગતી નથી. એનામાં પરિ-વર્તન માટેની આકાંક્ષા અને પ્રેરણા જગાડવી જોઈશે. આ જ છે લોક-શિક્ષણ. હું એને ક્રાંતિકારી ચેતના ( Revolutionary consciousness ) કહું છું. એને બોધ થવો જોઈએ કે એનામાં પોતામાં પરિવર્તનની શકિત પડેલી છે. આ બોધ, ચેતના, આકાંક્ષા મનુષ્યમાં જાગવી જોઈએ; અને આકાંક્ષા હશે તો યોગ્યતા તો આવી જ મળવાની છે. એ તો એને ક્રમપ્રાપ્ત છે જ. એનું આવવું અનિવાર્ય જ છે. સવાલ કેવળ એનામાં એ અનુભવ જગાડવાનો છે, એનામાં એ પ્રત્યય જગાડવાનો છે કે શકિત એના પોતાનામાં છે, બહાર બીજે કયાંય નથી. એ મનુષ્યના પરાક્રમથી પરિસ્થિતિ બદલીશું. એનું પરાક્રમ અને આપણો સહકાર, બે સાથે મળીને પરિવર્તન લાવીશું. એનામાં પ્રેરણાની સાથે પુરુષાર્થ કરવાની સ્ફૂર્તિ પણ જાગવી જોઈશે. આપણે જોયું કે સંસદીય લોકતાંત્રિક સંદર્ભમાં એને સુઅવસર મળ્યો કે તરત જ એનું સત્ત્વ પ્રકટ થયું. શાંતિમય ઉપાયો થયા તો એનું સત્ત્વ પ્રકટ થઈ શકયું. આ સત્ત્વ પ્રગટ કરવા એને પ્રેરિત કરવાનો છે.

પહેલી વાત, ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયામાંથી મનુષ્યના

વ્યકિતત્વનો વિકાસ થવો જોઈએ. અહીં હું શિક્ષણ અને સંયોજનને ભેગું કરી રહ્યો છું. આજે તો સંયોજન એક તરફ ને શિક્ષણ બીજી તરફ જઈ રહ્યું છે. આમ જ ચાલ્યું તો નહીં તો શિક્ષણ સફળ થાય, અને નહીં સંયોજન સફળ થાય.

## નિર્જીવ સંયોજનને ઢંઢોળો તોય કશું નહીં નીપજે!

એક હતો બબરચી. એનો શેઠ એક દિવસ બજારમાંથી સારસ પક્ષી વેચાતું લઈ આવ્યો અને બબરચીને સોંપીને કહ્યું કે આજે આને રાંધ. પુસ્તકોમાં વર્ણન છે કે સારસ પક્ષીના પગ બહુ સ્વાદિષ્ટ હોય છે. પેલા બબરચીની એક પ્રિયતમા હતી. પ્રિયતમાએ બબરચીને પૂછ્યું, "તું મને ચાહે છે?" બબરચીએ કહ્યું, "હા, ચાહું છું." પ્રિયતમાએ કસોટી મૂકી, "તું મને ચાહે છે એનો પુરાવો આપ. આ સારસ પક્ષીનો એક પગ મને આપ." બબરચી તો ભારે વિમાસણમાં પડયો, શેઠ પૂછશે કે ટાંગ કયાં ગઈ તો શું જવાબ દેવો? પણ એને તો પોતાનું બોલ્યું પાળવું હતું. બિચારો સાધારણ બબરચી હતો, કોઈ મિનિસ્ટર તો નહોતો કે બોલીને ફરી જાય! એણે તો વચન પાળ્યું, સારસનો એક પગ કાપીને પ્રિયતમાને આપી દીધો. શેઠ ટેબલ પર ખાવા બેઠા. બબરચીને પૂછ્યું, "આની બીજી ટાંગ કયાં છે?" બબરચી ભારે હાજર-જવાબી નીકળ્યો. કહે, "માલિક, એને તો એક જ ટાંગ હોય છે." શેઠ તે વખતે તો ખામોશ રહ્યો. બીજે દિવસે સવારે ફરવા નીકળ્યો, સાથે બબરચીને પણ લીધો. પહોંચ્યા તળાવ પર. તળાવ પર કેટલાંય સારસ પક્ષીઓ ઊભાં હતાં. હવે સારસની એવી ટેવ છે કે તપસ્વીની જેમ એક ટાંગ પર ઊભાં રહે છે. પેલાં સારસ બધાં એક જ ટાંગ પર ઊભાં હતાં. બબરચીએ જોતાં જ ચીંધ્યું, "જુઓ શેઠ, એમને બધાંને એક જ પગ છે. હું નહોતો કહેતો!" શેઠે બે હાથથી તાળી પાડી એટલે તરત જ બધાં સારસ બીજી ટાંગ ખોલી બન્ને પગે ઊડી ગયાં. શેઠે કહ્યું, "જોયું? બે પગ હોય છે."

પણ બબરચી કમ નહોતો. કહે, "શેઠ! આમાં એક જ ભૂલ થઈ છે. તમે અહીં જેમ તાળી વગાડી તેવી જ ટેબલ પર પણ વગાડી હોત તો પેલું સારસ પણ બીજી ટાંગ કાઢીને દેખાડત!" શેઠે તો વાત નહીં માની હોય, પણ આપણું એવું નથી? આપણે આ નિર્જીવ સંયોજનની સામે તાળીઓ પાડયે રાખીએ છીએ. પછી તો જે થાય છે તે જ થાય ને!

**વર્તમાન વ્યવસ્થામાં માન મરતબો જોઈએ છે કે પરિવર્તન?**

સંયોજન અને શિક્ષણનો અનુબંધ હોવો જોઈએ. આ જ્યાં સુધી નહીં સધાય ત્યાં સુધી ન તો બેકારીનો સવાલ ઊકલશે કે ન ગરીબીનો સવાલ ઊકલશે. તેથી હું આ યુવાનોને કહું છું કે જરા પોતાના મનને ખંખોળીને તપાસો કે તમારે શું જોઈએ છે? આજની વર્તમાન સમાજ-રચનામાં સન્માન અને પ્રતિષ્ઠા ઝંખો છો કે પછી એ સમાજ-રચનાને ધરમૂળથી બદલવા ઝંખો છો—Whether you want status and honour in the existing social order or you want to change the order itself? આજે જે establishment—સ્થાપિત વ્યવસ્થા છે તેમાં અમારે પ્રતિષ્ઠા યા સુખ ધરાર નથી જોઈતાં એવો સંકલ્પ એમણે કરવો પડશે.

**સરકારી નોકરોનું રાષ્ટ્ર નથી બનાવવું**

યુવાનો કહે છે અમને જોબ—નોકરી આપો! કોણ આપે? સરકાર આપે? તમારે આખા રાષ્ટ્રને સરકારી નોકરોનું રાષ્ટ્ર બનાવવું છે? પછી તો મેં કાલ કહ્યું હતું તેમ સરકાર ભગવાન જ બની જશે. પછી નાગરિકનું કોઈ જીવન જ નહીં રહે—સ્વાયત્ત (autonomous) સ્વતંત્ર એવું કોઈ જીવન જ નહીં રહે. મૂળ પ્રતિજ્ઞા શું હતી—માર્ક્સે જે કરી હતી તે? —Not government of men but administration of things—મનુષ્યોનું શાસન નહીં, વસ્તુઓની વ્યવસ્થા—સંયોજન.

વસ્તુઓનું સંયોજન થશે, મનુષ્યોનું પ્રશાસન નહીં. આ દિશામાં આપણાં પગલાં પડવાં જોઈએ. તેથી મેં તમારી સામે પહેલી વાત એ મૂકી કે મનુષ્યના વ્યકિતત્વનો વિકાસ ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયામાંથી થવો જોઈશે. મનુષ્યના વ્યકિતત્વના કેટલા આયામ છે? એક તો છે એનો શ્રમ. શ્રમનો અર્થ એની ઇંદ્રિયો અને એનાં અવયવોની શકિત. તો એની ઇંદ્રિયો અને અવયવોનો વિકાસ થવો જોઈએ. Man should not be substituted by instruments or implements—ઉપકરણો—સાધનો એવાં ન હોવાં જોઈએ જે માણસને બેકાર બનાવી દે. તો આ instruments and implements—ઉપકરણો—સાધનો છે શી વસ્તુ? ઉપકરણો —ઓજારો આપણી ઇંદ્રિયોની અને અવયવોની શકિત વધારવા માટેનાં સાધન છે ને! મુક્કાની શકિત વધારવા માટે હથોડો છે. એ મારી શ્રમ કરવાની શકિતની જગ્યાએ ચઢી બેસે તે મારે નથી જોઈતું. એવું કોઈ સાધન આપણને નથી ખપતું કે જે મારા મુક્કાની શકિત છીનવી લે. કોઈ એવા ચશ્મા આપણને નથી ખપતા જે મારી આંખની જોવાની શકિત છીનવી લે. લોક દલીલ કરે છે કે આ બધાં સાધનો તો સાયન્ટિફિક—વૈજ્ઞાનિક છે. તો શું મારા હાથ, પગ, આંખ અનસાયન્ટિફિક—અવૈજ્ઞાનિક છે? કોઈ એમ કહી પણ દે કે એ અવૈજ્ઞાનિક છે તો ભલે, મારે તો એ જ જોઈએ. ટૂંકમાં મનુષ્યની ઇંદ્રિયો અને અવયવોનો વિકાસ થવો જોઈએ—આ છે પહેલો આયામ.

બીજો આયામ છે—એની કળાનો વિકાસ થવો જોઈએ. માણસની કળા પણ એની ઇંદ્રિયો અને અવયવો પર આધાર રાખે છે. કળા vicarious (એકને માટે બીજાએ કરેલી—પ્રતિનિયુક્ત) નથી હોતી. કળા તો દરેક જણની પોતાની હોવી જોઈએ. આજકાલ જેને તમે

recreation– મનોરંજન કહો છો તે વાઈકેરીયસ—પ્રતિનિયુકત હોય છે. બીજા દ્વારા એ થતું હોય છે.

રાજાજી બહુ રસિક આદમી હતા. મને એમનામાં ઘણી શ્રદ્ધા છે. એક વાર રુકિમણી અરુંડેલે એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખ્યો હતો. વિદેશથી આવેલી એક નર્તકીએ બહુ જ સુંદર નૃત્ય કર્યું. બધાં ખૂબ ખુશ ખુશ થઈ ગયાં. કોઈએ રાજાજીને પૂછયું કે તમને કેવું લાગ્યું? રાજાજી બોલ્યા, સારું લાગ્યું, પણ બાથરૂમ કોશ્ચ્યુમ– બંધ ઓરડીમાં નહાતી વખતે પહેરે તેવાં કપડાં પહેરીને કેમ નાચી? એની પાસે કદાચ પૂરાં કપડાં નહીં હોય! એ પૂરાં કપડાં પહેરીને કેમ ન નાચી? સામે જવાબ આપનાર ચતુર માણસ હતો. એણે જવાબ વાળ્યો, આપણાં શિવ-પાર્વતી પણ એમ જ નાચતાં હતાં ને! પણ રાજાજી પણ એનાથી ગાંજ્યા જાય તેમ નહોતા; કહે, શિવ-પાર્વતી તો પોતે નાચતાં હતાં. બીજાનો નાચ જોવા નહોતાં જતાં! મિત્રો, આનું નામ છે પ્રત્યક્ષ કલા અભિરુચિ. સંજીવનમાં—મનોરંજનમાં પોતાનો સક્રિય ભાગ હોવો જોઈએ. નહીં તો એ વાઈકેરીઅસ—પ્રતિનિયુક્ત બની જાય છે. બધી ધાર્મિક વિધિઓ બ્રાહ્મણ—પુરોહિત મારફતે થાય છે, તેવી જ રીતે આ મનોરંજન પણ સેકંડહેન્ડ રિક્રીએશન બની જાય છે. એમાં સંજીવન નથી આવતું. તેથી મેં કહ્યું કે મનુષ્યની કળાનો પણ વિકાસ થવો જોઈએ.

ત્રીજી વસ્તુ, એના ગુણોનો વિકાસ થવો જોઈએ. આપણે જેને character—મનુષ્યનું વિશેષ ચારિત્ર્ય કહીએ છીએ તેનો વિકાસ. Every man has some excellence or other—દરેક માણસમાં કંઈ ને કંઈ વિશેષતા હોય છે જ. તો આ કેરેકટર—વિશેષ ચારિત્ર્યનું લક્ષણ શું છે? મનુષ્યને મનુષ્યની નજીક લાવે તે છે ચારિત્ર્ય. એ જ સંસ્કાર પણ છે. તો માનવ માનવની નજીક આવે એ ચોથો આયામ છે. ક્રાંતિ પછી અને ક્રાંતિની પ્રક્રિયામાં પણ માનવ

માનવની નજીક આવવો જોઈએ—શરીરથી તેમ જ મનથી.

તો ઉપર ચાર ગણાવ્યા તે આયામથી મનુષ્યનું વ્યક્તિત્વ ઘડાય છે. એને માનવીય વિભૂતિ કહે છે. આમ સંયોજનનું પહેલું લક્ષણ એ હશે કે એમાં મનુષ્યના વ્યક્તિત્વનો, એની વિભૂતિનો વિકાસ થશે.

## માનવપ્રેમ માનવ-સીમા આંબી મનુષ્યેતર સૃષ્ટિમાં પ્રવેશે

બીજું લક્ષણ લઈએ : મનુષ્યના સમાજમાં મનુષ્યેતર જીવોનો પણ સમાવેશ થશે. ઘણા વિદેશીઓ અહીં આવે છે. મારે એમને ક્યારેક મળવાનું થાય છે. એક છોકરીને તો ઉંદર જોઈને આનંદ થતો હતો. મેં કહ્યું, અરે, એ તો ઉંદર છે, ઊભી રહે એને ભગાડી મૂકું ! તો કહે, પેરિસમાં અમને તો ઉંદર પણ જોવા મળતા નથી. મિત્રો, પશુઓ પ્રત્યેનો પ્રેમ મનુષ્યનો સ્વભાવ છે. તેથી હવે એ બાજુ તો લોકો મગર, સાપ, કરચલો, ને ગરોળી પણ પાળવા લાગ્યા છે. આ જે મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ છે તે, રમકડાં માટે હોય તેવો ન હોઈ સહયોગી—સાથી પ્રત્યે હોય તેવો હોવો જોઈશે. માણસનો એ સાંસ્કૃતિક વિકાસ છે. જે દિવસે મનુષ્યે મનુષ્યેતર જીવનો પોતાની ઉત્પાદનની પ્રક્રિયામાં સમાવેશ કર્યો તે દિવસે એણે સાંસ્કૃતિક વિકાસમાં એક ડગ આગળ દીધું હતું.

## કોમ્પ્યુટરની મર્યાદા

આજે તો આપણા જીવનમાંથી એક એક પશુ નીકળી જઈ રહ્યું છે. અને એનું સ્થાન યંત્ર લઈ રહ્યું છે. એટલે જીવનનો વિકાસ રૂંધાવા લાગ્યો છે. એક જણે કહ્યું કે આ કોમ્પ્યુટર છે તે કદી ભૂલ નથી કરતું—It is infalliable. It never commits mistakes. It is better if it substitutes human brains—મનુષ્યના મગજનું એ સ્થાન લઈ લે તો સારું. પણ આ કોમ્પ્યુટરની એક મર્યાદા છે : The computer can never go mad—એ

ક્યારેય પાગલ નથી થઈ શકતું, અને સાથે એ ક્યારેય genius—પ્રતિભાશાળી પણ નથી બની શકતું. યંત્રની આ મર્યાદા છે. મનુષ્યની એ વિશેષતા છે કે એ પાગલ પણ બની શકે છે અને પ્રતિભાશાળી પણ બની શકે છે. માટે ઉત્પાદનની પ્રક્રિયામાંથી મનુષ્યનું કાર્ય ક્યારેય સમાપ્ત ન થવું જોઈએ. તેવી જ રીતે ઉત્પાદનની પ્રક્રિયામાં પશુનો સમાવેશ થવો જોઈએ.

## પશુની પસંદગી—લક્ષણો

આવા પશુમાં ત્રણ ગુણ હોવા જરૂરી છે. એક તો એ બીજા પશુઓની હિંસા કરનારું ન હોય. બીજું, એ મનુષ્ય સાથે હળી મળી જાય એવું હોવું જોઈએ. અને ત્રીજું, એ એવું હોવું જોઈએ કે જેને માટે માણસને પ્રેમ થાય. આપણે ત્યાં એવા પશુ તરીકે ગાયને પસંદ કરવામાં આવી. આ બાબતમાં વધારે નહીં કહું છતાં એટલું જરૂર કહી દઉં કે આ ત્રણે કસોટીઓમાં એ પાર ઊતરે છે. એટલે કમસે સે કમ એક પશુ એવું પસંદ થવું જોઈએ કે જે મનુષ્ય બાદ અવધ્ય ગણાવું જોઈએ. પહેલી શરત એ કે મનુષ્ય અવધ્ય મનાશે—No man shall kill another for whatsoever reason. ગઈ કાલે મેં Animal farm—પશુ-વાડાનો દાખલો આપતાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. મનુષ્ય મનુષ્યની કોઈ પણ કારણસર હત્યા નહીં કરે. અને બીજું, કમ સે કમ એક જનાવર એવું હશે જેની હત્યા મનુષ્ય નહીં કરે. એ પશુના ગુણોનો પણ વિકાસ થવો જોઈએ. પશુમાં પણ કળા હોય છે, ગુણ હોય છે. એનો વિકાસ ઉત્પાદનની પ્રક્રિયા અને વિતરણની પ્રક્રિયામાં થવો જોઈએ.

## ત્રીજી બાબત : સૃષ્ટિ સાથેનો માનવનો સંબંધ

ત્રીજી બાબત છે, મનુષ્યનો સૃષ્ટિ સાથેનો સંબંધ. ૧૯મી સદીને લોકોએ નામ આપ્યું—The century of conquest and the

century of hope—એવી સદી જેમાં માણસે પ્રકૃતિ પર વિજય પ્રાપ્ત કર્યો—આશાની સદી! માણસે પ્રકૃતિને પરાજિત કરી, તે શું પ્રકૃતિ આપણી દુશ્મન છે? પ્રકૃતિ તો જીવનની વિભૂતિ છે. જે સાધનોથી જીવન સંપન્ન થાય તેનું નામ છે વિભૂતિ. હું પોંડિચેરી ગયો હતો. ત્યાં દરેક રાચરચીલા પર લખેલું હતું—Every furniture has its personality, guard its honour — દરેક વસ્તુનું પોતાનું એક વ્યકિતત્વ હોય છે, એનો આદર થવો ઘટે. આને આપણે ત્યાં વિભૂતિ-યોગનું નામ અપાયું છે. પણ જેને animism કહે છે તે એ નથી. એનિમિઝમ—જડાત્મવાદ અને વિભૂતિયોગ તદ્દન જુદી જુદી વસ્તુ છે. મનુષ્યનું એક ભાવાત્મક વિશ્વ હોય છે. એમાં કવિતા હોય છે, કળા હોય છે, સંગીત હોય છે. આ માનવનું ભાવાત્મક વિશ્વ છે, અને એનું પોતાનું એક સ્થાન છે. એને માટે જમીન એ કેવળ જમીન નથી, માતૃભૂમિ છે. ગંગા એ કેવળ પાણી નથી, વિભૂતિ છે, "સ્વર્ગારોહણ વૈજયંતિ" છે. હિમાલય કેવળ પહાડ નથી, હિમાલય દેવાત્મા છે. સૃષ્ટિ તરફ જોવાની આ એક દૃષ્ટિ છે. માટે આપણે સૃષ્ટિને લૂંટીશું નહીં, એનું શોષણ નહીં કરીએ. જીવનને સંપન્ન કરવા માટે એની સાથે સહયોગ કરીશું. એ માનવ-જીવનની વિભૂતિ બનશે. કાલિદાસે દેવદારુ વૃક્ષનું વર્ણન કર્યું છે ને!— पुत्रीकृतोऽसौ वृषभध्वजेन—ભગવાન શંકરે જેને પોતાના પુત્ર સમ માન્યો. શકુંતલા સાસરે જવા નીકળી ત્યારે કણ્વ ઋષિ શકુંતલાનું વર્ણન કરે છે—એવી શકુંતલા કે જેને અલંકારો માટે પ્રેમ છે, પરંતુ વૃક્ષને માટે પણ એટલો જ પ્રેમ હોવાને કારણે એનું એક પણ પાંદડું ચૂંટતી નથી. સૃષ્ટિ માટે આ છે સ્નેહમય પ્રેમ! આમાંથી જ કાવ્યનો જન્મ થાય છે. મૃચ્છકટિક નાટકમાં ચારુદત્ત કહે છે—જુઓ, ક્ષિતિજ પર ચંદ્રમા ઉદય થઈ રહ્યો છે, જાણે કોઈ સુંદર રમણીનું વદન. આજનો વૈજ્ઞાનિક ચંદ્ર માટે શું કહેશે, કેવો છે?—ખાડા ખબડાવાળો, ખરબચડો. એના પર પહાડ છે, સૂકી ખખ્ખ નદીઓ, જીવનું નામો-

નિશાન નથી. એવો ચંદ્ર સુંદર સ્ત્રીના મોઢા જેવો હોય તોય એના પર બળિયાના ડાઘા પડી ગયા છે! આમ કાવ્ય અને વિજ્ઞાન વચ્ચે ખાઈ ઊભી થઈ ગઈ છે. એ ખાઈ પુરાવી જોઈએ. આ ખાઈને કારણે જ આજે કાવ્ય વિજ્ઞાન-વિહીન અને વિજ્ઞાન કાવ્ય-વિહીન થઈ ગયું છે. આ બે વચ્ચે મેળ હોવો જોઈશે. તેથી મેં તમને કહ્યું કે સૃષ્ટિ તરફ જોવાનું આપણું વલણ બદલવું જોઈશે. સૃષ્ટિ જીવનની વિભૂતિ છે, અને જીવનનું તમામ કાવ્ય આ જાતના વલણમાંથી પેદા થાય છે. આ બધું જ ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયામાંથી સિદ્ધ થવું જોઈએ.

## શ્રમ અને મનોરંજન એકરૂપ થશે ત્યારે

ચોથી વસ્તુ છે ઉપકરણ—instruments and implements of production. એ કેવાં હોવાં જોઈએ? કેવા પ્રકારનાં હોવાં જોઈએ? ક્યારેક ક્યારેક હું યુટોપીઅન સોશ્યાલિસ્ટો (સ્વપ્નસેવી સમાજવાદીઓ) તરફ ખૂબ ખેંચાઉં છું. એ લોકોને અવૈજ્ઞાનિક કહીને હસી કાઢવામાં આવે છે પરંતુ ખરું જોતાં સાચા સમાજવાદની કલ્પના કરી હોય તો એમણે જ. એમની કલ્પના-શકિતનો છેડો નહોતો. એમનાં સપનાં પણ અત્યંત દિવ્ય હતાં. એમાંનો એક હતો ફ્રાન્સનો ફોરિયર. એણે કહ્યું હતું કે જે દિવસે પરિશ્રમ અને આરામ (Labour and Leisure) એકબીજાની નિકટતમ પહોંચી જશે, જે દિવસે ઉત્પાદક પરિશ્રમ રમતગમતની જેમ આનંદદાયક બની જશે, જે દિવસે ઉત્પાદનનાં સાધનો રમતનાં સાધન જેવાં બની જશે તે દિન ક્રાંતિની સફળતાનો હશે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એવું જ વર્ણન કર્યું છે: શ્રમ અને વિશ્રામ. વિશ્રામથી સંજીવન પ્રાપ્ત થાય છે, શ્રમથી પણ સંજીવન પ્રાપ્ત થાય છે. આમ તો શ્રમ અને વિશ્રામ બન્ને અલગ અલગ વસ્તુ છે, પરંતુ એ બેનો અનુબંધ થવો જોઈએ. મેં તમને કહ્યું હતું

કે સંયોજન અને શિક્ષણ એકબીજા સાથે જોડાઈ જવાં જોઈએ. એમ થશે ત્યારે શિક્ષણની સાથે વ્યાયામ પણ આવશે, સંજીવન પણ આવશે અને શ્રમ પણ આવશે.

## શબ્દોની રમતમાં રખે સપડાતા

કોઈ સવાલ કરે છે ઉદ્યોગ મોટા પાયાના ( Large scale ) હોવા જોઈએ કે નાના પાયાના ( Small scale )? આ બધા shibboleths—કેચવર્ડ્ઝ—ચોટડૂક શબ્દો છે. એના ફંદામાં ફસાશો નહીં. એક હતો જમાઈ. એક વાર સાસરીમાં ગયો. કેટલાક દિવસ રહ્યો ત્યાર બાદ એક કાગળ આવ્યો. કાગળ વાંચીને એણે તો ઠૂંઠવો મૂક્યો. એને પોક મૂકતો જોઈને એની પત્નીએ પણ મોં વાળ્યું. દીકરીને રડતી જોઈ, જમાઈને રડતો જોયો એટલે નક્કી કંઈ અશુભ થયું છે એમ માનીને સાસુએ પણ સાથ પુરાવ્યો. પાડોશીઓએ જોયું કે નક્કી કંઈ ગજબ થઈ ગયો છે. સહાનુભૂતિમાં એમણે પણ પોકમાં સૂર પુરાવ્યો. એટલામાં ત્યાંથી કોઈ ઠરેલ માણસ નીકળ્યો. એને થયું, આ શું છે, આટલાં બધાં એક સાથે મોં વાળીને રોવા બેઠાં છે? એણે એકને પૂછ્યું, 'અલ્યા કેમ રડે છે?' પેલાએ બીજા સામે આંગળી ચીંધી. બીજાએ ત્રીજા સામે. એમ કરતાં કરતાં જમાઈ-રાજ સુધી સગડ પહોંચ્યા. પેલાએ જમાઈરાજને હલાવીને પૂછ્યું તો કહે, મને તો કાના માતર વગરના જ અક્ષર આવડે છે ને આ કાગળ તો સડસડાટ લસરકાબંધ અક્ષરોમાં લખેલો છે, કેવી રીતે વંચાશે? આવો મામલો છે મોટા પાયાના ને નાના પાયાના ઉદ્યોગોની વાતોનો. એ બધાની માયામાં ન ફસાશો. એ બધો શબ્દોનો જાદુ છે. પાયાની વાત મેં તમને કહી દીધી છે તે એ જોવાની છે કે એનાથી મનુષ્યનો વિકાસ થાય છે? એનાથી પશુનો વિકાસ થાય છે? મનુષ્યના સૃષ્ટિ સાથેના સંબંધોમાં વિકાસ થાય છે? આ બધી કસોટી છે, એના પર પેલા સવાલને પરખો. ખરું ઊતરે તેને રાખો, બાકીનું જતું કરો.

## પ્રત્યક્ષ પરિચયવાળાઓનો સમાજ

બીજું આપણે Face to Face Society—પ્રત્યક્ષ પરિચયવાળાઓનો સમાજ રચવો છે. એક એવો સમાજ જ્યાં ઉત્પાદક અને ઉપભોક્તા એકબીજાથી અપરિચિત નહીં હોય— No impersonal production and no anonymous distribution— કોને માટે, શાને માટે ઉત્પાદન કરવાનું છે તે જાણ્યા વગર વસ્તુનું ઉત્પાદન કરવામાં નહીં આવે. એ જ રીતે વેચવામાં પણ નહીં આવે. આ જાતનો વિચાર નથી તો થતો પોલિટિક્સમાં—રાજનીતિમાં ને નથી થતો ઈકોનોમિક્સમાં—અર્થનીતિમાં. રાજકારણમાં નાગરિકની ગણતરી જ ન રહી, અને ખાલી પાર્ટી જ પાર્ટી રહી તો શી દશા થશે? પછી માથાના માપની ટોપી નહીં, પણ ટોપીના માપનાં માથાં બનાવવાં પડશે. જે પાર્ટી રાજ કરતી હોય તેના માપે માથાં ઘડવાં પડશે. પછી તો હેરકટિંગ સલૂનમાં વાળ કપાવવા નહીં, માથાં છોલાવવા જવું પડશે. કારણ કે જે પાર્ટી રાજકર્તા હોય તેના માપે વિચારવું, માનવું ને ચાલવું પડશે! તેવી જ રીતે ઉત્પાદન અવૈયક્તિક રહેશે તો મનુષ્યને માફકસર થાય તેવું ઉત્પાદન નહીં બને, પણ ઉત્પાદનને માફકસર માણસે બનવું પડશે. આને ઉપભોક્તા-સમાજ કહે છે, એ અમાનવીય છે. એમાં માણસ કોઈ લેખામાં નથી. વસ્તુનાં જ લેખાં છે. ઉત્પાદક અને ઉપભોક્તા બન્ને નામવાળા એટલે કે જાણીતા હોવા જોઈએ. ઉત્પાદકને ઉપભોક્તા જાણતો હોય, ઉપભોક્તાને ઉત્પાદક જાણતો હોય. એનું નામ છે Face to face Society—પ્રત્યક્ષ પરિચિત સમાજ. Anonymous society is a society in which there are several human beings who do not belong to any tribe—અપરિચિતોના સમાજમાં કેટલાક માનવો તો જરૂર હોય છે પણ એ કોઈ એક કબીલાના નથી હોતા. શહેરમાં હોય છે ને કેટલાક નધણિયાતા, ભટકતા લોકો! તેવું.

## સંસ્થાગત સમાજ અને કૌટુંબિક સમાજ

અહીં હું જે ટ્રાઈબ ( કબીલા ) શબ્દ વાપરું છું એનો અર્થ સમજવો જોઈએ—એ છે કૌટુંબિક સમાજ. ઈંસ્ટિટયુશનલ સોસાયટી અને ફેમિલિસ્ટિક સોસાયટી —સંસ્થાગત સમાજ અને કૌટુંબિક સમાજ એ બે વચ્ચે સૌથી મોટો ફરક છે તે એ છે કે સંસ્થાગત સમાજમાં સભ્યપદ—સદસ્યત્વ ( Membership ) હોય છે, જ્યારે કૌટુંબિક સમાજમાં સંબંધ (Relationship) હોય છે. આ સંબંધ હોવો જોઈએ, સદસ્યત્વ નહીં. સદસ્યત્વ તો બદલી શકાય, પણ સંબંધ બદલી શકાતો નથી. આ એક બહુ મોટો ફરક છે. સંસ્થાગત સમાજમાં શું થાય છે ? માણસોનું સંગઠન— Organisation of Men. મનુષ્યની એ એક નવી આવૃત્તિ ઊભી થઈ છે. આજકાલ ચાલ્યું છે ને મારકેટ ઓરિએન્ટેશન, સાઈકોલોજિકલ ઓરિએન્ટેશન, તેમ ઓર્ગનાઈ-ઝેશન ઓરિએન્ટેશન—સંસ્થાને અનુકૂળ મનુષ્ય, સંસ્થાનો મનુષ્ય. શુદ્ધ મનુષ્ય ક્યાંય રહેવા પામ્યો નથી, એ સંસ્થામાં ખોવાઈ ગયો છે. વળી સરમુખત્યારી સમાજમાં જ નહીં, જેને આપણે કલ્યાણવાદી સમાજ કહીએ છીએ તે સમાજમાં પણ મનુષ્યનું કોઈ સ્થાન નથી રહ્યું. ત્યાં પણ રાજ્યવાદ જ છે. સરમુખત્યારી સમાજમાં જેમ રાજ્ય-વાદ હોય છે તેમ કલ્યાણવાદી સમાજમાં પણ રાજ્યવાદ જ હોય છે. એમાં મનુષ્યનું મૂલ્ય નથી રહ્યું, મનુષ્યની કોઈ કીમત નથી. તો પછી આપણે એને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે શું કરવું જોઈએ ?

## ખરીદ-વેચાણની વૃત્તિમાંથી નીકળી સહભોગ સુધી જઈએ

અર્થતંત્રમાં આપણે કિંમતના માનસમાંથી નીકળી મૂલ્યપ્રધાન વિચાર સ્થાપિત કરવો છે. We want a value-oriented economy and not a price-oriented economy. દરેકે દરેક વસ્તુની કિંમત ઠરાવાતી હોય એવા અર્થતંત્રને શું કહે છે તે જાણો છો ? એને economy of exchange value—વેચાણ-ખરીદનું અર્થતંત્ર કહે છે. જે કંઈ ઉત્પાદન કરવામાં આવે તે યા

તો વેચાણ માટે હશે, યા તો વિનિમય—સાટા ( barter ) માટે હશે. હવે મારી જરૂરત એવા પ્રકારની છે કે એમાં નથી તો સાટું થઈ શકે તેમ કે નથી તો હું ખરીદી શકું તેમ. તેવા સંજોગોમાં મારે એ વસ્તુ વગર મરવું રહ્યું. હું તમારી સામે ગાંધીની વાત મૂકી રહ્યો છું એમ રખે માનતા. આ તો માર્ક્સની વાત છે—સમાજવાદ, સામ્ય-વાદની વાત છે. વિચારમાં આપણે આટલે સુધી પહોંચી ગયા છીએ કે ઉત્પાદન ઉપયોગ માટે થશે, વેચાણ-ખરીદ માટે નહીં. કોઈ પૂછશે કે વેચાણ માટે ન હોય ને ઉપયોગ માટે હોય તો શું ફેર પડશે ? તો ગાડી equal distribution—સરખી વહેંચણી સુધી પહોંચશે, પણ એમાં sharing—સહભોગ, સાથે મળીને ભોગવવાની વાત સુધી નથી પહોંચાતું. કલબોમાં કોકટેલ જેવા ભોજન સમારંભોમાં શું થાય છે ? પચાસ સભ્યો છે અને દરેકને માટે દશને હિસાબે પાંચસો લાડુ બનાવ્યા છે. રસોઈયો પહેલેથી જ પોતાને માટેના લાડુ કાઢી લઈ ઊંચા મૂકી દે છે. રખે ને કેટલાક સભ્યો દસને બદલે અગિયાર અગિયાર ઠોકી જાય ! તો રસોઈયાનું શું થાય ? સમાજવાદમાં સમાન વિતરણ થાય છે. સૌને સરખું, એંસી વરસનાને પણ દસ લાડુ અને દસ મહિનાના બાળકના ભાગે પણ દસ લાડુ. પણ કુટુંબમાં એમ ભાગ—વહેંચણી નથી થતી, સહભોગ—સાથે મળીને ભોગવવાનું હોય છે. ઘરડો માણસ બે જ લાડુ ખાઈ શકે તો બે જ ખાશે. જુવાન છોકરો વીસ ખાઈ શકે તેમ છે તો ભલે વીસ ખાતો. અને છેલ્લે માને ભાગે કશું ન બચે તો મા ખુશ થશે કે છોકરાંને ખૂબ ભાવ્યું, બધું સફાચટ કરી ગયાં !

## જીવન સહજીવનમાં છે : પડોશી માટે ઉત્પાદન

આ જે ભાવાત્મક અંશ ( emotional content ) છે તે સંસ્થામાં નથી આવતો, કૌટુંબિકતામાં—સંબંધમાં આવે છે. આમ, માનવની વિશેષતા છે તે એના સંબંધમાં છે. છેટાપણામાં, પરાયાપણામાં

જીવન નથી. જીવન સહજીવન છે. મનુષ્ય મનુષ્યની સાથે રહે તેમાં સહજીવન છે, એટલે આપણને એવું અર્થતંત્ર જોઈએ કે જેમાં જે વસ્તુની જ્યાં જરૂર હોય અને જેને જરૂર હોય ત્યાં તેને તે મળે. ખરીદી શકનારને નહીં મળે. પડાવી લેનાર, ઝૂંટવી લેનાર, છીનવી લેનારને નહીં મળે. જેને જરૂરત છે તેને મળશે. આને according to need—'જરૂરિયાત પ્રમાણે' કહે છે. આમાં શરત એટલી જ છે કે દરેક માણસ બીજા માટે કંઈ ને કંઈ ઉત્પાદન અથવા ઉપયોગી પરિશ્રમ કરતો હશે—પડોશી માટે ઉત્પાદન.

## મૂડીવાદ, સમાજવાદ અને માનવતા

ગાંધીએ આને સ્વદેશીવ્રતનું નામ આપ્યું. તમારો પડોશી કોણ —who is your neighbour? બાઈબલે એનો જવાબ આપ્યો છે—જે દુ:ખી છે, એ પછી દુનિયાને ગમે તે ખૂણે વસતો હોય, એ તમારો પડોશી છે. મારે માટે એ માનવતાનું સગુણ રૂપ છે. ટૂંકમાં Production for profit Capitalism— નફા માટે ઉત્પાદન એ થયો મૂડીવાદ, Production for use—Socialism—ઉપયોગ માટે ઉત્પાદન એ થયો સમાજવાદ, અને Production for your neighbour—Humanity—તમારા પડોશી માટે ઉત્પાદન એ થઈ માનવતા. હું એને ગાંધીવાદ નહીં કહું, એટલા માટે કે ગાંધી પર પણ લેબલ-ચબરખી લગાડીશું તો ગાંધી ગાંધી નહીં રહી જાય. Gandhi alone was the unlabelled individual that was born after centuries—માનવતાની કૂખે સદીઓ બાદ અવતરેલો એક ગાંધી જ એવો માનવ હતો જેને કોઈ વાદ-વિવાદની ચબરખી ચોંટેલી નહોતી. તેથી ગાંધીનું નામ ન લગાડશો, સર્વોદયનું લેબલ ન લગાડશો. એટલું જ કહો કે પડોશી માટે ઉત્પાદન થશે. આવો જે સમાજ છે તેને મોઢા-મોઢ સમાજ અથવા પ્રત્યક્ષ પરિચિતોનો સમાજ કહે છે. આમાં લોકો એકબીજાને

ઓળખતા હશે. એને ગામડું કહેવું હોય તો ગામડું કહો, નહીં તો જે નામ આપવું હોય તે આપો.

## સાંકડા કૂવાના વહેંતિયા માણસો નથી ઘડવા

આજકાલનું જે ગામ છે તે તો ગામ જ નથી. એ જુનવાણી છે, ક્રાંતિ માટે એ અનુકૂળ નથી. લોક મને કહે છે—God made the country and man made the city—ભગવાને ગામડાં વસાવ્યાં ને માણસે નગરો વસાવ્યાં, ગામડાંના લોકો સીધાસાદા ને ચારિત્ર્યવાન હોય છે વગેરે. પણ એ ચારિત્ર્યવાન એટલા માટે હોય છે કે એમને બૂરાઈ કરવાનો મોકો નથી મળતો. જેટલો મોકો મળે છે તેટલી બૂરાઈ એ લોકો જરૂર કરી લે છે. શહેરવાળાને મોકા વધારે મળતા હોય છે, પણ એની આશા પણ લાંબી પહોળી હોય છે. મુંબઈના માણસને પૂછો તો એ સિત્તોર લાખની વસ્તીમાંથી એક છે એમ એને લાગે છે, જ્યારે ગામનો માણસ સાત-સોમાંથી એક હોય છે. આ ફરકને કારણે એના જીવનનો આશય—Content બદલાઈ જાય છે. માટે આપણે સ્થાનિકતાવાદ (Localism) માં ડૂબી નથી જવું. સ્થાનિકતાવાદમાંથી વામણા માણસો પાકશે. આપણે તો માણસને ઊંચો બનાવવો છે, ઊંચે ઉઠાવવો છે. એના દેહનો વિકાસ કરવો છે તેમ દિલનો પણ વિકાસ કરવો છે. એનું મન સ્વસ્થ હોય, એ બધી રીતે સ્વસ્થ હોય. આવી જાતનો જે સમાજ હશે તે આકારમાં તો નાનો હશે, પણ એનો આશય વિશાળ હશે—It will be an epitome of the world—દુનિયાના સારરૂપ એ હશે. રવીન્દ્રનાથે કહ્યું હતું ને—India is an epitome of the world—ભારત દુનિયાના સાર-સ્વરૂપ છે. જાણીતા ઈતિહાસકાર ટોયનબીએ એનો અનુવાદ કર્યો—India is the whole world placed at close quarters—આખી દુનિયાને જોડાજોડ લાવી ગોઠવી એ થયું ભારત! ભગવાનને દુનિયાનો નમૂનો—પ્રતિકૃતિ

ઘડવી હતી, એટલે એણે ભારતની રચના કરી. માટે ભારતની રાષ્ટ્રીયતા એ વિશ્વની માનવતાની અનુજા—નાની બહેન હશે. અને અહીંનો મનુષ્ય કેવો હશે? જેને મેં ક્રાંતિનો વિધાતા અને અનુષ્ઠાતા કહ્યો તે મનુષ્ય કેવો હશે, એ કયા દ્રવ્યનો બનેલો હશે તેનો મેં થોડો સંકેત આજે તમારી સામે મૂકયો છે.

## રખે પૂછવા રોકાતા—યાહોમ કરીને પડો ફતેહ છે આગે

તરુણ મિત્રોને અંતમાં મારે એક વાત કહેવી છે—Be original—મૌલિક બનો! ક્રાંતિની કોઈ દહાડો નકલ નથી થતી. એમ ન પૂછશો કે આજ સુધીમાં કોઈએ આમ કર્યું છે કે? તેનસિંગ ને હિલેરી ગૌરીશંકર શિખર પર ચઢતા ચાલ્યા જતા હતા ત્યારે એમણે પૂછ્યું હતું ખરું કે પહેલાં કોઈ આના પર ચઢયું છે કે? કોલમ્બસ નવી દુનિયા શોધવા નીકળ્યો ત્યારે એણે થોડું જ પૂછ્યું હતું કે કોઈએ પહેલાં એ શોધી છે કે? સિદ્ધાર્થ પત્ની અને મહેલને ત્યાગીને નીકળ્યો ત્યારે એ પૂછવા રોકાયો હતો ખરો કે આ રીતે કોઈ છોડીને નીકળ્યું હતું કે? ગાંધી પૂછવા અટકયો હતો ખરો કે તલવાર વગર કોઈ દેશને સ્વતંત્રતા મળી હતી કે નહીં? શું જયપ્રકાશ કોઈને પૂછવા ગયા હતા કે આ વખતે લોક-આંદોલન ઉપાડીશ તો સફળ થઈશ કે નહીં? સફળતા ને અસફળતા શું ચીજ છે? એ તો સંકુચિત મન અને વામણી મનોવૃત્તિ માટેની માયાજાળ છે. જેને ક્રાંતિ જ કરવી છે એ તો સીધો પગલાં જ ભરવા માંડે છે. સવાલ એ છે કે પહેલું ડગ કોણ દે? બધા એકબીજાની સામે તાકતા રહેશો તો "આઈ–I" નું બહુવચન "વી–We"—"હું" માંથી "આપણે" કયારેય નહીં બની શકાય. બધા જ ખચકાતા ને ગણતરી લગાવતા જ્યાંના ત્યાં રહી જશો. ક્રાંતિ માટે તો Dare-devil—દુ:સાહસીની જરૂર પડતી હોય છે—who will rush where angel fear to tread—ભગવાનના દૂત પણ ડગ દેતાં ગભરાય

તેવી જગ્યાએ નિ:સંકોચ ધસી જનારાઓની જરૂર પડતી હોય છે. એવા સાહસી યુવાનોને લલકારે છે એક જુવાન—જે ઉમ્મરમાં ૭૫ વર્ષનો છે! એને ખ્યાલ જ નથી રહેતો કે એની ઉમ્મર કેટલી થઈ છે. ઉમ્મરનો ખ્યાલ તો મારા જેવાને આવે. કારણ, You count your years because you have nothing else to count—બીજું કશું ગણવા જેવું જીવનમાં નથી એટલે બેઠાં બેઠાં વરસો ગણીએ છીએ. રોજ ઊઠીને ઉમ્મરની ગણતરી માંડીએ છીએ, અને એમ ઉમ્મરનો ભાર અમારા વ્યકિતત્વ પર ચઢી બેસે છે. પણ જયપ્રકાશ એક એવો આદમી છે જેની સાથે કાળ રમી શકતો નથી, કાળની મર્યાદા એને લાગુ નથી પડતી. લોકો કહે છે કે જયપ્રકાશજી ૭૫ વર્ષના થયા તો પણ ઘરડા નથી થયા, એમને ઘડપણ નથી આવ્યું. આવા તો વીરલા જ હોય છે, જયપ્રકાશજી એમાંના એક છે. એમણે દેશના તરુણોને, દેશની તરુણાઈને લલકારી છે. આશા છે એમના આહ્‌વાનનો યોગ્ય ઉત્તર મળશે.

# લોક-ક્રાંતિનાં મૂલ્યો

## આરંભમાં એક વાત

ક્રાંતિના સાંસ્કૃતિક પાસા પર વિચાર આરંભ કરતાં પહેલાં એક મહત્ત્વની વાત કહી દઉં. આમ તો હું હમેશા એ વાત કહેતો જ હોઉં છું, આજે પણ તમારી સામે મૂકું. એ વાત આ છે કે સંઘર્ષ એક વસ્તુ છે, જ્યારે ઝઘડો એ એક જુદી જ વસ્તુ છે. ઝઘડામાં દુશ્મન બનતા હોય છે. સંઘર્ષમાં દુશ્મનાવટ નથી હોતી. ઝઘડામાં તાણ-ખેંચ ઊભી થાય છે. આદમી આદમીથી તૂટી વિખૂટો પડી જાય છે. એમાંથી ક્રાંતિ પેદા ન થઈ શકે. ક્રાંતિમાં વિરોધની પ્રક્રિયા છે, પરંતુ ઝઘડો નથી. તેથી હું છેક પહેલે દિવસથી કહેતો આવ્યો છું કે હિંસા ગમે ત્યાં, જોઈએ તો સરકારને પક્ષે જ ભલે ને થતી હોય, એ આપણી ક્રાંતિને પ્રતિકૂળ છે. જે હિંસા કરે છે તે ક્રાંતિનો દુશ્મન છે. ગઈ કાલે અને આજે પણ વાંચ્યું કે ઇંદિરાજીના પ્રવાસમાં હિંસા થઈ રહી છે, પથ્થરમારો થાય છે. આ બધું કરનાર જનતા પાર્ટીના માણસો હશે તો જાણજો કે એ લોકો જનતા પાર્ટીનું ભારે મોટું નુકસાન કરવાના છે. કારણ, એનો અર્થ તો એ થયો ને કે જનતા પાર્ટીની પકડ રહી નથી. એનું પ્રશાસન અને એનું અનુશાસન બન્ને ઢીલાં પડયાં છે. મિત્રો, આપણે એ ભૂલવું ન જોઈએ કે આજને પ્રસંગે આપણે જે અવસ્થા પર પહોંચ્યા છીએ ત્યાં જનતા પાર્ટી જ આપણો એક માત્ર સહારો છે. એ જો નિષ્ફળ નીવડી તો સમજી લેજો કે આગળ ઉપર અંધારું જ અંધારું છે. તેથી જ મેં પ્રારંભમાં કહ્યું હતું કે નાગરિકે પોતાની જવાબદારી

સમજવી જોઈએ. સાંભળ્યું કે ગઈ કાલે પૂનામાં વહોરાઓએ તોફાન કર્યું. આમ, ચારે બાજુ તોફાન અને ઉત્પાતનું વાતાવરણ સર્જાયું છે. આને લોકશાહી ન કહેવાય, ટોળાંશાહી કહેવાય—rabble, mob, crowd, multitude. લોક અને ભીડ ( People, public and crowd ) વચ્ચે ફેર છે. ટોળું એ લોક નથી. ટોળાનું લક્ષણ તમને કહું. ટોળામાં માથાં ઘણાં હોય છે, પણ મગજ એકેય નથી હોતું. એમાં છાતી તો ઘણી હોય છે, પણ દિલ એકેય નથી હોતું. એનું નામ ટોળું. ટોળાંશાહી એ તો અંધેરનું રાજ, ચોપટ રાજ હોય છે. ચોપટરાજ એ લોકશાહી નથી. આ વાત સારી પેઠે સમજી લેવા જેવી છે. નહીં તો મેં ગઈ કાલે કહ્યું તેમ, જવું છે ક્યાંક ને પહોંચી જઈશું ક્યાંક ! આપણે તો લોકતંત્રથી લોકસત્તા તરફ જવું હતું. એને બદલે આપણે ગુંડાઓના રાજમાં જઈ પહોંચશું. આપણાં આવાં કરતૂકોથી તો આપણે ફરી એક વાર પોલીસ-રાજને જ આમંત્રણ આપીશું. સામાન્ય રીતે મારી વાત છાપાંમાં ન છપાય એમ હું ઇચ્છતો હોઉં છું, પરંતુ આજે તો છાપાંવાળાઓને મારી વિનંતિ છે કે મારી આ વાતને છાપો અને લોકો સુધી પહોંચતી કરો કે આ રીતના ઉત્પાત, તોફાન કરીને આપણે કોઈની શકિત વધારતા નથી. ઇંદિરાજીની શકિત પણ નથી વધારતા. પરંતુ એ ખ્યાલ રાખજો કે એનાથી ઇંદિરાજીને નુકસાન નથી થવાનું. નુકસાન તો જે લોકો તોફાન કરે છે તેમને જ થવાનું છે. વળી, ઇંદિરાજીને લોકો વચ્ચે જઈને પોતાની વાત રજૂ કરવાનો આધકાર નથી શું ? એમના ગુનાઓ અંગે કોરટને જે ફેંસલો આપવો હશે તે આપશે, આપણને ફેંસલો આપવાનો કે સજા કરવાનો અધિકાર નથી. વળી દરેક માણસને પોતાની વાત કહેવાનો અધિકાર છે. રોમન કૅથોલિક ચર્ચમાં એક પદાધિકારી—ઓફિસર હોય છે. એનું નામ છે ' એડવોકેટસ ડાયાબોલીકસ '—યાની શેતાનનો વકીલ. ભગવાને જ બધું બનાવ્યું છે, તો પછી શેતાન પણ એનો જ બનાવેલો હશે ને ! એ પણ ભગવાનની જ ઓલાદ થયો ને ! એને પણ

એની વાત કહેવાની પૂરી તક મળવી જોઈએ; Dissent is the oxygen of democracy—મતભેદનો અધિકાર એ તો લોકશાહીનો પ્રાણવાયુ છે એ વાત ન ભુલાવી જોઈએ. કટોકટી વખતે એ અધિકાર નહોતો, અને આપણી ફરિયાદ પણ એ જ હતી. હું પ્રાથમિક શાળાના શિક્ષક જેવો છું. જે સામાન્ય વસ્તુ હજારો લોકોએ હજારો વાર સાંભળી હશે તે જ ફરી ફરીને કહેતો રહું છું, કારણ, આપણે એ જ વાત ભૂલી જતાં હોઈએ છીએ. માટે રખે એ ભુલાય એવા ખ્યાલથી એ યાદ કરાવતો રહું છું. આ કોઈ નવી વાત હું કહું છું એમ નથી.

## વર્ગ, સ્વામિત્વ અને સંપત્તિના નિરાકરણની વહેવારુ યોજના

હવે સાંસ્કૃતિક ક્ષેત્રમાં ક્રાંતિની વાત. ગઈ કાલે મેં કહ્યું હતું કે આપણે કિંમતમાંથી મૂલ્યની ભાવના તરફ વધવાનું છે. એ બે વચ્ચેનો ફેર મેં તમને સમજાવી દીધો છે. વસ્તુનું જીવનમાં મહત્ત્વ એનું નામ છે મૂલ્ય. હવાની કશી કિંમત નથી, પરંતુ હવા વગર જીવતા નહીં રહી શકાય. માટે જે વસ્તુ જીવન માટે જેટલી વધારે જરૂરી તેટલી સુલભ હોવી—સહેલાઈથી મળવી જોઈએ. પાણી મફત મળવું જોઈએ, અને બને તો અનાજ અને કપડાં પણ મફત મળવાં જોઈએ. અહીંથી મૂલ્ય-પરિવર્તનનો આરંભ થશે. ગાંધીએ એનો આરંભ કરવા માટે ટ્રસ્ટીશિપની વાત મૂકી. ટ્રસ્ટીશિપ એ કોઈ સિદ્ધાંત કે કોરું તત્ત્વજ્ઞાન નથી, એ કોઈ વિચારસરણી નથી, એ તો એક પ્રેક્ટિકલ પોલિસી—વહેવારુ નીતિ છે. એ સ્વામિત્વ અને સંપત્તિના નિરાકરણની નીતિ છે. પણ આજે વિષય જુદો છે એટલે આને આટલે જ છોડીએ છીએ.

આજ સુધી ત્રણ રીતો જ ચાલતી હતી. Expropriation, Confiscation અને Taxation. એક્સપ્રોપ્રિએશન એટલે સંપત્તિ અને સ્વામિત્વ છીનવી લો, પ્રતિ-હરણ કરો. કોન્ફિસ્કેશન એટલે કાયદાને જોરે જપ્ત કરી લો, અને ટેક્સેશન એટલે એના પર એવી રીતના

કરવેરા નાંખો કે જેથી એની સંપત્તિ ઘટતી જ ચાલી જાય. આ ત્રણે પદ્ધતિઓ આજ સુધી અજમાવાઈ છે.

## માનવીય પ્રક્રિયા અને જે.પી.નો વર્ગસંઘર્ષ

પણ ગાંધીએ કહ્યું કે આમ કરવાથી તો માણસ માણસની નિકટ નહીં આવી શકે. સ્વામિત્વ અને સંપત્તિનું નિરાકરણ તો થવું જ જોઈએ, પરંતુ એના નિરાકરણની પ્રક્રિયા એવી હોવી જોઈએ જેથી માણસ માણસની નિકટ આવી શકે. આજે ગરીબ અને અમીર બંનેની વૃત્તિમાં કશો જ ફરક નથી. દરેક ગરીબને અમીર બનવું છે, અને દરેક અમીરને ગરીબીનો ભય લાગે છે. દરેક માલિક દામચોર છે અને દરેક મજૂર કામચોર છે. બંનેની વૃત્તિઓ ખરાબ થઈ છે, બંને એક રીતે માંદા છે. ગરીબની બીમારી એની ગરીબી છે અને અમીરની બીમારી એની અમીરી છે. એક ફરક છે, ગરીબને થાય છે કે હું બીમાર છું પણ અમીરને નથી લાગતું કે એ બીમાર છે. એટલે આમ મનોવૈજ્ઞાનિક રીતે જુઓ તો વર્ગભેદ નથી. આમ છતાં જે.પી. એ વર્ગ-સંઘર્ષની વાત કહી. એમણે એ પણ કહ્યું કે એ વર્ગ-સંઘર્ષ અહિંસક હશે. આનો અર્થ એટલો જ થયો કે ગાંધી-વિનોબા અલગ છે, જ્યારે જે.પી.ના સંસ્કાર અલગ છે. ગાંધી-વિનોબાના સંસ્કાર પાછળના સિદ્ધાંતો વેદાંતના છે, જ્યારે જે.પી. ના સંસ્કાર પણ ભારતના છે છતાં એમના આધકાંશ સંસ્કાર માકર્સના છે. તેથી બન્નેની ભાષામાં અને શબ્દાવલિમાં ફરક છે. બંનેના અર્થમાં ફરક નથી. ટૂંકમાં હું કહેવા એ માગતો હતો કે જે ગરીબ છે, પછાત છે, રઝળી ગયો છે એના પુરુષાર્થથી ક્રાંતિ થવી જોઈએ. વર્ગ-સંઘર્ષ ( class-war )નો હેતુ તો એ જ હતો ને! જે વર્ગને ક્રાંતિની જરૂરત છે તેના જ—પ્રોલિતેરિયેતના જ પુરુષાર્થથી ક્રાંતિ થાય. આ જ છે વર્ગસંઘર્ષનો હેતુ. પરિભાષામાં ન પડશો, એને ભૂલી જાવ. પરિભાષા તો વિદ્વાન લોકો સામાને આંજી નાખવા, ધાક જમાવવા માટે વાપરે છે. એ લોકો ભાષામાં વાત નથી કરતા,

પરિભાષામાં કરે છે. માટે, આ જે વર્ગસંઘર્ષની વાત છે તેનો અર્થ એટલો જ કરજો કે જે ગરીબ અને પછાત છે તે ઉચ્ચ અને અમીરની મહેરબાની પર નહીં જીવે. એ પોતાને ભરોસે જીવશે. પોતાની તાકાત પર જીવશે, અને એ તાકાત, પ્રતિકાર-ક્ષમતા શાંતિમય અહિંસાની હશે ! આટલો જ એનો અર્થ છે, એથી વધારે અર્થ એમાં ખોળ-વાની જરૂર નથી.

## ભણેલો ભૂલે, અભણ શું ભૂલે ?

હવા પાણી પછી આવે છે અન્ન. આપણો દેશ કિસાનોનો, ખેતીનો દેશ છે; આમ છતાં અહીં ભૂખની સમસ્યા મુખ્ય છે. તેથી અન્ન, એના ઉત્પાદનનાં સાધન અને એનાં ઓજાર આ ત્રણેનો બજારભાવ ન હોવો જોઈએ. એનું કેવળ મૂલ્ય રહે. આનો પ્રયોગ સૌ પ્રથમ વિનોબાએ ભૂદાન ગ્રામદાનના રૂપમાં કર્યો. સહયોગાત્મક ક્રાંતિનું આ પર્વ દુનિયાના ઈતિહાસમાં એક અદ્‌ભુત પર્વ હતું. વિનોબાને જેટલી સફળતા મળવી જોઈતી હતી તે ન મળી. પરંતુ મને એ વાતનો રંજ નથી. એવા પ્રયોગોમાં અસફળ થવું એ પણ એક બહુ મોટું સદ્‌ભાગ્ય છે. આવો મોટો પ્રયોગ આદરવાનું સાહસ હોવું એ એક સદ્‌ભાગ્યની વાત છે.

લોકમાન્યના જીવનનો એક કિસ્સો છે. એક માણસ એમની પાસે ગયો, અને કહ્યું કે તમારા સ્વિમિંગ પૂલ—તરવાના હોજમાં હું લોકોને તરતાં શીખવવા માગું છું. લોકમાન્યે પૂછ્યું કે તમારી યોગ્યતા શું છે ? આવનારે કહ્યું કે હું કદી પણ પાણીમાં ડૂબ્યો નથી. લોકમાન્યે કહ્યું, તરવાનું તો હું પણ જાણું છું, પરંતુ બેચાર વાર તો જરૂર ડૂબતે ડૂબતે બચ્યો છું. પણ તમે કદી પણ ડૂબ્યા નથી, એનો અર્થ એ થયો કે તમે જબરા તરવૈયા છો. એવો બધો જાણકાર તો હું નથી. પણ એ તો કહો કે એવી કઈ કરામત તમારી પાસે છે કે તમારે એકે વાર પાણીમાં ગળચિયાં ખાવાં નથી પડયાં.

પેલાએ જવાબ આપ્યો કે હું કોઈ દહાડો પાણીમાં ઊતર્યો જ નથી તો પછી ગળચિયાં ખાવા વારો આવે જ શેનો? મિત્રો, જે પ્રયોગ જ ન કરે, સાહસ જ ન કરે એ નિષ્ફળ શું થવાનો હતો! પરીક્ષામાં જ ન બેસે એ નપાસ શું થવાનો હતો! વિનોબાના એ પ્રયોગની સફળતા નિષ્ફળતા જે હોય તે, પણ એમાંથી જયપ્રકાશજીનો લોકનાયક તરીકે આવિર્ભાવ થયો એ જ એના મહત્ત્વને સૂચવે છે.

## વર્ગનિરાકરણ, વર્ગસમન્વય નહીં

એક પ્રયોગ ટ્રસ્ટીશિપનો છે. ટ્રસ્ટીશિપમાં ભાવના દાનની નથી, સહયોગની જ વધારે છે. એમાં વહેંચીને ખાવાની, સમવિભાગની ભાવના છે. સ્વામિત્વ અને સંપત્તિ-વિસર્જનની ભાવના છે. કરોડો કમાતા ચાલ્યા જાવ ને દાન કરતા જાવ એ ટ્રસ્ટીશિપ નથી. એ તો સોદા-બાજી છે. ટ્રસ્ટીશિપ વર્ગ-નિરાકરણ માટે છે, વર્ગસમન્વય માટે નથી. વર્ગસમન્વય અસંભવ અને અનિચ્છનીય છે—impossible and undesirable. તેવી જ રીતે વિનોબાનાં ભૂદાન અને ગ્રામદાન પણ ભૂમિને બજારમાંથી ઉઠાવી લેવાના પ્રયાસ હતા. ભૂમિની કિંમત જ નહીં, જમીન પર કામ કરવાના ઓજારોની કિંમત નહીં અને અન્નની પણ કોઈ કિંમત નહીં. જમીન કોઈની નહીં, ઓજાર કોઈનાં નહીં અને મહેનત કરે છે એની મહેનતની પણ કોઈ કિંમત—દામ નહીં. આખરે સમાજવાદ ને સામ્યવાદ પણ શું છે? કામનો દામની સાથે સંબંધ નહીં રહે. કામનો તાકાત સાથે પણ સંબંધ નહીં. Work according to your capacity—શકિતભર કામ અને જરૂરત-ભર ઉપભોગ. શકિત પ્રમાણે કામ કરો અને જરૂરત પ્રમાણે ઉપભોગ મળશે. કામનો દામની સાથે સંબંધ જ નહીં. આવી ક્રાંતિનો આરંભ વિનોબાએ કર્યો; પરંતુ વિનોબા રહ્યા વેદાન્તી એટલે એમની પરિભાષા પણ વેદાન્તી જ રહી.

સાંસ્કૃતિક ક્ષેત્રમાં માનવની કિંમત નહીં હોય, મૂલ્ય હશે. આજે

તો માણસ પર પણ કિંમતની ચબરખી ચોંટેલી છે. આજે મનુષ્યની મનુષ્યતા વેચાય છે. તેથી મેં પહેલે દિવસે જ કહ્યું હતું કે મનુષ્યનું મૂલ્ય રહેશે, કિંમત નહીં કરાય. એ બજારમાં વેચાશે નહીં. તો હવે આપણે કયાંથી નીકળી કયાં જવાનું છે તે સમજી લો. આપણે alienation—અલગત્વથી relationship–સંબંધો તરફ જવું છે. આજે દુનિયામાં અલગત્વ છે, સંબંધ નથી. આ અલગત્વ હોવાનાં શાં કારણ છે? એ કારણો એક એક કરીને લઈએ.

## ધર્મ અને સંગઠિત ધર્મ

સૌ પ્રથમ ધર્મ. તમને મારી વાતથી આંચકો લાગશે, પણ વાત ખરી છે. ધર્મ એ અધ્યાત્મ નથી એ વાત સાફ સમજી લો. Religion is not spiritualism, Religion is not godliness, Religion is not morality—ધર્મ એ અધ્યાત્મ નથી, ધર્મ એ પ્રભુતા નથી, ધર્મ એ નૈતિકતા નથી. અધ્યાત્મ, પ્રભુ અને નૈતિકતા કાઢી લો, પછી બચ્યો તે ધર્મ.

હું જૂઠું બોલું છું, પણ આ હેરિસ સાહેબ છે, એ જૂઠું નહીં બોલતા હોય. છતાં ઘડી ભર માની લો કે એ જૂઠું બોલે છે. બંને જૂઠું બોલીએ છીએ છતાં એ મુસલમાન છે અને હું હિન્દુ છું. ધારો કે અમે બન્ને સાચું બોલીએ છીએ તો પણ એ મુસલમાન છે ને હું હિન્દુ છું. અમે બન્ને ઈશ્વરના ભક્ત છીએ, તો પણ એ મુસલમાન છે અને હું હિંદુ છું. હવે આ ત્રણેય બાબત લો—સાચું બોલવું, ઈશ્વરને માનવો, ભકિત કરવી. ત્રણે બાબત બન્નેમાં common—સમાન થઈ. ગણિત ભણેલા હશે તે જાણતા હશે કે જે common—સમાન હોય છે તે ઊડી જાય છે. એના પછી જે રહી ગયો તે ધર્મ. પેલાં ત્રણ તત્ત્વો તો ઊડી ગયાં, હવે શું બચ્યું? મારી જનોઈ અને એમની સુન્નત. આનું નામ છે organised religion—સંગઠિત ધર્મ. પણ મિત્રો, organised religion is irreligion—સંગઠિત ધર્મ એ ધર્મ

નથી, અધર્મ છે. કારણ, પેલાં ત્રણે તત્ત્વો એના આધાર નથી રહેતાં. સંગઠિત ધર્મને આધારે સમાજ બને છે. હું મુસલમાન બની ગયો; એટલે શું બની ગયો? તો કે હિંદુ સમાજમાંથી મુસલમાન સમાજમાં ચાલ્યો ગયો. મુસલમાન હતો એ ખ્રિસ્તી થઈ ગયો. એટલે શું થયું? તો કે એ પોતાના સમાજમાંથી બીજા સમાજમાં ગયો.

વિનોબા છે એ કુરાન પણ વાંચે છે ને ગીતા પણ વાંચે છે. બાઈબલ પણ વાંચે છે, અવેસ્તા પણ વાંચે છે ને જપુજી પણ વાંચે છે. અને એ બધાંને સરખાં ગણે છે. પણ આપણે શું કરીએ છીએ? કોઈ માણસ રોજ બાઈબલ વાંચવા મંડે તો કહીશું કે એ ખ્રિસ્તી થઈ ગયો, કુરાન વાંચવા મંડે તો કહીશું કે એ મુસલમાન થઈ ગયો. આની શી જરૂરત છે? પણ આ રીતે સમાજ રચાય છે. આવા સંગઠિત ધર્મોના સમાજ રચાય છે અને પછી ધર્મના નામે યુદ્ધો ખેલાય છે. ધર્મના નામે જેટલાં લોહી રેડાયાં છે તેટલાં નથી તો સ્ત્રીને માટે રેડાયાં, નથી ભૂમિ માટે રેડાયાં કે નથી ગાદી માટે રેડાયાં. એટલે આ તો શેતાનનો ખેલ બની જાય છે. એ એક નાપાક—અપવિત્ર બાબત છે. તેથી મારી આ તરુણાઈની સામે પ્રાર્થના છે કે તમે તો હિંદુ-મુસલમાન માબાપની કૂખે જન્મ્યાં હશો તો ભલે, પણ હવે તમારી કૂખે હિંદુ-મુસલમાન ન જન્મે તે જોશો. બધા પંડિત-પુરોહિત ને મુલ્લા-મૌલવી મારી વાતનો વિરોધ કરશે તે હું જાણું છું. પણ મારે એમને કહી દેવું છે કે હું પણ તો ધર્માધિકારી છું, હું પણ એવા જ પરિવારમાં પાકયો છું. મિત્રો, સમાજમાં ત્રણ દલાલો છે: એક છે પુરોહિત, એનું કામ છે ભકત અને ભગવાનને પાસે પાસે ન આવવા દેવા. બીજો છે બજારમાં બેઠેલો દલાલ. એ ઉત્પાદક અને ઉપભોકતા—ગ્રાહકને ભેગા ન થવા દેવાનું કામ કરે છે. એટલો જ એનો ધંધો છે. ત્રીજો છે રાજનીતિજ્ઞ—પોલિટિશ્યન, લીડર. એનું કામ છે એક નાગરિકને બીજા નાગરિકની પાસે ન જવા દેવાનું. સમાજ-માંના આ ત્રણે દલાલોને કાઢવાના રહેશે. એ કાઢશો ત્યારે ક્રાંતિ થશે.

## સંપ્રદાયાશ્રિત રાષ્ટ્રીયતા

આજે જે સંગઠિત ધર્મો છે તે સંપ્રદાય કહેવાય છે. હું એને સંપ્રદાય ( Denomination ) કહું છું. ખરી રીતે એ ધર્મ ( Religion ) નથી, સંપ્રદાય છે. જેની ઉપાસના કરવી હોય તેની કરો. ચાહે રામને યાદ કરો, ચાહે રહીમને યાદ કરો, પણ એનું આ રીતનું સંગઠન શા સારુ ? એને કારણે એક બંધ સમાજ ( Closed Society ) ઊભો થાય છે. એવા એક સમાજમાંથી બીજામાં દાખલ થવા માટે દલાલની ( મુલ્લાં–પુરોહિતની ) જરૂર પડે છે. આવું શા માટે ? માટે સૌ પ્રથમ સંકલ્પ કરવો પડશે સંપ્રદાય-નિરાકરણનો. હું કોઈ સંસ્થા કે જૂથનું નામ દેવા માગતો નથી, પરંતુ એક વાત કહી દેવી જોઈએ કે આ દેશમાં સંપ્રદાયવાદ માટે આ દેશનો મુસલમાન જવાબદાર છે—હું મોટા ભાગના મુસલમાનોની વાત કહું છું. એ લોકોનું કહેવું હતું કે અમે મુસલમાન છીએ, અમારી કૌમ ( રાષ્ટ્ર ) જ જુદી છે. ઇસ્લામિયત એ જ કૌમિયત ( રાષ્ટ્રીયત્વ ) છે. આમ, ઇસ્લામિયત અને કૌમિયતને સમાન ગણી. એમાંથી એક જુદા દેશની ( રાષ્ટ્રની ) જરૂરત ઊભી થઈ, અને એમ પાકિસ્તાન જન્મ્યું. એ થઈ સંપ્રદાયાશ્રિત રાષ્ટ્રીયતા. When you make your denomination or Community the basis of citizenship you are communal— તમે સંપ્રદાયને યા જાતિને નાગરિકત્વનો આધાર માનો છો તો તમે સંપ્રદાયવાદી—જાતિવાદી છો. સંપ્રદાયવાદની આ વ્યાખ્યા ધ્યાનમાં રાખજો. એ છે જમાતવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ. સંપ્રદાય પર આધારિત રાષ્ટ્રીયતા. એનો આરંભ આ દેશમાં મુસલમાનોએ કર્યો. એ માટે એ મુસલમાનો જવાબદાર છે. એ લોકો મુસલમાન છે માટે એમને જવાબદાર ગણવા એમ નથી કહેતો, એ લોકોએ એક ખોટા તત્ત્વનો પ્રચાર કર્યો તેથી એમ કહું છું.

## સાંપ્રદાયિકતા અને રાષ્ટ્રીયતા અલગ અલગ

આની જ સાથે સાથે એક બીજી વસ્તુ આવી—પ્રતિસંપ્રદાયવાદ (Counter Communalism)—જવાબી સંપ્રદાયવાદ. એમાં સામું કહેવાયું કે હિન્દુત્વ એ જ રાષ્ટ્રીયત્વ છે. એક લઘુમતીનો સંપ્રદાયવાદ, તો બીજો બહુમતીનો સંપ્રદાયવાદ. આ બહુમતીનો જે સંપ્રદાય છે તે જોવામાં તો રાષ્ટ્રવાદ જેવો લાગે છે પણ ખરી રીતે હોય છે સંપ્રદાયવાદ. એ કેવી રીતે તે તમને સમજાવું છું. જરા તટસ્થ થઈને વિચારજો. વિચાર તો વિચાર જ હોય. એમાં નમ્રતા ( Humility ) અને તટસ્થતા ( Detachment ) હોવી જોઈએ. નમ્રતા એટલે કશાની પણ સાથે બંધાયેલા નહીં—no commitment. મુસલમાન કહે છે કે ઈસ્લામ એ ભારતીય નાગરિકતા (Indian Citizenship) કરતાં વધુ વ્યાપક છે. કબૂલ. તુર્કસ્તાનમાં, અરબસ્તાનમાં, અફઘાનિસ્તાનમાં, બાંગ્લા દેશમાં અને પાકિસ્તાનમાં ઈસ્લામ છે તો ભારતીયતા કરતાં ઈસ્લામ વ્યાપક છે. પણ એ ભારતીયતા તો નથી જ. એ રાષ્ટ્રીયતા પણ નથી. તેથી ઈસ્લામિયત કૌમિયત ( રાષ્ટ્રીયતા ) નથી. અરબસ્તાનની કૌમિયત, તુર્કસ્તાનની કૌમિયત, અફઘાનિસ્તાનની કૌમિયત એ બધા કરતાં ઈસ્લામિયત વ્યાપક જરૂર ગણાય, પણ બન્ને સરખી યા એક જ વસ્તુ નથી. તેવી જ રીતે હિંદુત્વ પણ વ્યાપક છે. મોરિશિયસથી ત્યાંના પ્રધાન મંત્રી રામગુલામ આવ્યા હતા, એ હિંદુ છે. નેપાળમાં પણ હિંદુ છે. અમેરિકામાં પણ હિંદુઓ હશે. પરંતુ તેથી ભારતીયતા અને હિંદુત્વ એક નથી. તેમ ઈસ્લામિયત અને ભારતીયતા એક નથી.

## રાષ્ટ્રીયતા સાંપ્રદાયિકતાથી વધુ વ્યાપક તત્ત્વ

આપણો વિવાદ શી બાબતનો છે ? મનુષ્યતા સૌથી વ્યાપક છે. આપણે બધા જ મનુષ્ય છીએ. પરંતુ હું એમ કહું કે હિંદુત્વ અને મનુષ્યતા એક જ છે તો તે ખોટું થશે, તેમ હિંદુત્વ ને રાષ્ટ્રીયત્વ પણ એક નથી. અને ઈસ્લામિયત ને રાષ્ટ્રીયત્વ પણ એક નથી. અને

એ રીતે જોઈએ તો રાષ્ટ્રીયત્વ પોતે જ વધુ વ્યાપક છે. એનાં લક્ષણ અને કારણ સમજાવી દઉં. હું ભારતીયતા તેને કહું છું જેને કારણે વિદેશમાં રહેનાર સ્વધર્મી કરતાં ભારતમાં રહેનાર વિધર્મી મને વધુ આત્મીય લાગે છે. એને માટે મારા મનમાં વધુ સ્વકીયતા ( greater kinship ) નો ભાવ છે. વિદેશમાં રહેનાર હિંદુ કરતાં અહીંના મુસલમાન-ખ્રિસ્તીને હું વધારે નિકટ માનું છું. આ છે ભારતીયતા. એ બે વચ્ચેનો ફરક તમારા ધ્યાનમાં આવી જવો જોઈએ.

## વિશેષ વાદ અને રાષ્ટ્રીયતા

મુસલમાન કહે કે ઇસ્લામિયત જ કૌમિયત છે તો હું કહું છું કે એ ખોટી વાત છે. પણ જો એનો એવો દાવો હોય કે ઇસ્લામિયત કૌમિયત કરતાં વધારે વ્યાપક છે તો તે મંજૂર છે. જેમ કે સામ્યવાદ—Communism. એનો પક્ષ રચાયો ત્યારે નામ રાખ્યું કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇંડિયા (સી. પી. આઈ.). તમે જાણો છો ખરા કે એ લોકો પહેલાં નામ રાખવા માગતા હતા ઇંડિયન કોમ્યુનિસ્ટ પાર્ટી ( ભારતીય સામ્યવાદી પક્ષ ). પણ એમ રાખી શકયા નહીં. કારણ ? કારણ કે—because there is no Indian Communism—કોઈ ' ભારતીય સામ્યવાદ ' જેવી વસ્તુ નથી. એટલે રાખવું પડયું સી. પી. આઈ.—Communist Party of India—ભારતની કૉમ્યુનિસ્ટ પાર્ટી. એ રીતે સામ્યવાદ સમાજવાદ વગેરે વધુ વ્યાપક શબ્દો છે. પરંતુ ભારતીય નાગરિકત્વ—Indian Citizenship માં આ દેશમાં વસતા બધા જ સમાઈ શકે છે. પછી ગમે તે વાદનો માનનારો હોય. દેશમાં જેટલા ધર્મ યા સંપ્રદાય છે, એ બધા એમાં સમાઈ જાય છે. આમ, રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ ભારતીય નાગરિકતા એ વધુ વ્યાપક છે. કારણ, દેશમાં રહેનારા તમામનો એમાં સમાવેશ થાય છે.

ઇકબાલે કંઈક એવા જ અર્થમાં કહ્યું હતું ને કે હિન્દુસ્તાન અમારું છે અને અમે હિન્દી છીએ. એક કાળે તો અહીંનો મુસલમાન

હો યા ખ્રિસ્તી, અમેરિકામાં હિંદુ શબ્દ જ કહેવાતો. તે વખતે ઇન્ડિયન– ભારતીય માટે હિંદુ શબ્દ જ વપરાતો. પણ આજે એ રીતે એ શબ્દ વપરાતો નથી. અહીંના હિંદુ ધર્મમાં માનનાર નાગરિક હિંદુ તો છે જ, સાથે એ ભારતીય પણ છે. તેવી જ રીતે આ દેશમાં વસતો મુસલમાન, ખ્રિસ્તી, યહૂદી, પારસી, શીખ, બૌદ્ધ, જૈન, વગેરે પણ ભારતીય છે. આમ, હિંદુત્વ અને ભારતીયતા એ બે પર્યાયવાચી— સમાન અર્થવાળા શબ્દ નથી. એકને બદલે બીજાને વાપરી ન શકાય. આ વાત સ્પષ્ટ રીતે સમજાવી બહુ જ જરૂરી છે.

## હિંદુ સમાજની વાસ્તવિકતા.

મિત્રો, આની સાથે સાથે એક બીજી પણ વાત લઈ લઉં. મુસલમાનની વાસ્તવિકતા એનો સંપ્રદાય છે. ઘણી વાર ટ્રેનમાં બાજુમાં બેઠેલો માણસ નામ પૂછે છે. કોઈ મુસલમાનને નામ પૂછે અને એ કહી દે કે નામ સૈયદ મહંમદ છે એટલે આગળ સવાલ કરવાના રહેતા નથી. પણ હું કહી દઉં કે મારું નામ દાદા ધર્માધિકારી છે તો તો તેટલેથી નથી પતતું. ક્યાંના છો, ક્યાં રહો છો? વગેરે સવાલની હારમાળા ચાલે છે. જ્યાં સુધી સામાવાળાને મારી જાતિ કઈ છે તે ખબર ન પડે ત્યાં સુધી સવાલો ચાલ્યા જ કરવાના, કારણ કે હિંદુ નામની કોઈ વસ્તુ નથી. બ્રાહ્મણ, વાણિયા, ઘાંચી, મોચી, માળી, ભંગી વગેરે છે, એમાંથી મારી કઈ જાતિ છે તે ખબર પડવી જોઈએ. આમ હિંદુ સમાજમાં વાસ્તવિકતા જાતિ છે, જ્યારે મુસલમાન સમાજમાં વાસ્તવિકતા સંપ્રદાય છે: હા, એમનામાં સિયા-સુન્નીના ભેદ છે. એમનામાં ઝઘડા પણ થાય છે. આમ છતાં, હિન્દુની વાસ્તવિકતા એની જાતિ સંસ્થા છે, જ્યારે મુસલમાનમાં સંપ્રદાય છે.

## જાતિનાં લક્ષણ

આ જાતિનાં લક્ષણ શું છે? જાતિનાં ત્રણ લક્ષણ છે. પહેલું તો એ કે જાતિમાં કોઈ દાખલ ન થઈ શકે. માણસ મુસલમાન બની

શકે, ખ્રિસ્તી બની શકે, પણ ઘાંચી માળી કે વાણિયા બ્રાહ્મણ થઈ ગયાનું કદી સાંભળ્યું છે ખરું ? ટૂંકમાં, જાતિમાં પ્રવેશનો કોઈ દરવાજો નથી હોતો.

જાતિનું બીજું લક્ષણ છે, મનુષ્યથી જેટલો છેટો રહે તેટલો વધારે પવિત્ર. બીજી જાતિમાં લગ્ન નથી કરતો એ પવિત્ર, કોઈની સાથે બેસી જમતો નથી એ ઔર પવિત્ર, કોઈને અડતો કરતો નથી એ એથીયે ચડયો. અને કોઈને જુએ કરે નહીં તે તો સમજો ઠેઠ સ્વર્ગને અડી ગયો ! માણસની જેટલી વધારે આભડછેટ પાળે તેટલો તે વધારે પવિત્ર. મિત્રો, જે સમાજમાં મનુષ્ય સાથેની આભડછેટને જ પવિત્ર-તાનું લક્ષણ માનવામાં આવતું હોય તે સમાજમાં માનવતાનો વિકાસ શી રીતે સંભવ છે ? અને તેથી આ દેશમાં સૌથી મોટી ખામી રહી હોય તો તે મનુષ્યના મૂલ્યનાં અભાવની છે. જન્મનું મૂલ્ય છે, સંપ્રદાયનું મૂલ્ય છે, પરંતુ મનુષ્યનું મૂલ્ય નથી. કેવળ માનવ, માનવ તરીકે માનવનું મૂલ્ય આ દેશમાં કયારેય નથી રહ્યું. અને તેથી અહીં માનવીય મૂલ્યોનો વિકાસ ન થઈ શકયો.

## પ્રવેશનો દરવાજો જ નથી, બહાર જવાનો છે

ઉપર કહ્યું તેમ જાતિમાં પ્રવેશનો દરવાજો નથી, કેવળ બહાર જવાનો દરવાજો છે. જાતિમાં ઇજ્જતભેર, સ્વમાનભેર ન રહી શકે તે હિન્દુ સમાજ છોડીને બહાર નીકળી જાય એ સિવાઈ કોઈ બીજો રસ્તો જ નથી. આંબેડકરે હજાર ધમપછાડા કર્યા. છેવટે સમાજ છોડી નીકળી જવું પડયું. બીજું કરે પણ શું ? જે ઘરમાં ઇજ્જતભેર રહી ન શકાય તેને છોડવામાં જ ઇજ્જત છે. એમને સમાજ છોડવો પડયો. સાર એ છે કે હિંદુ સમાજમાંથી નિકાસ જ નિકાસ થતી રહી, આયાત કયારેય થઈ નહીં.

આ દેશના મુસલમાનોની સાંપ્રદાયિકતા, ખ્રિસ્તીઓની સાંપ્રદાયકિતા, શીખોની સાંપ્રદાયિકતા—એ બધી હિંદુ સમાજની જાતિ-સંસ્થાની સંતાન

છે. માટે આમાંથી નીકળવું હોય તો અધ્યાત્મને સમજવું જોઈશે. ક્યારેક જરૂર પડે અને સંગઠન કરવાની આવશ્યકતા ઊભી થાય જ તો અધ્યાત્મ-ની ભૂમિકા પર કરજો. બાકી આ જાતિ સંસ્થાને તો બે હાથ જોડીને વિદાય કરવી જરૂરી છે. બીજો કોઈ રસ્તો જ નથી. આ દેશમાં જ્યાં સુધી જાતિ-સંસ્થા રહેશે ત્યાં સુધી સંપ્રદાયવાદ—જાતિવાદનો અંત આવવાનો નથી. કારણ, સંપ્રદાય-પરિવર્તન એ જ નીચી જાતિવાળાનું આશ્રયસ્થાન છે.

## માંસાહાર જેવા સાંસ્કૃતિક પ્રશ્નો અને જાતિવાદ

મેં તમને કહ્યું હતું કે આપણાં ગામો એ કોઈ Community—સમાજ નથી. પણે પાકિસ્તાન છે, અહીં ગામેગામ જાતિસ્તાન છે. એક એક જાતિનો એક એક મહોલ્લો, અને અછૂતો ગામની બહાર. આ છે ગામનો નકશો. એ નકશો બદલવાનો છે. જેપી એક એક પ્રતીક પકડે છે—જનોઈ. જનોઈ તોડવાથી શું વળવાનું હતું એમ કોઈ પૂછી શકે. પણ આ તો કેવળ બહારનું પ્રતીક છે. બ્રાહ્મણનો છોકરો પગરખાંની દુકાન ખોલશે તોય એ ચમાર નહીં બને, અને ચમારનો દીકરો પ્રોફેસર બનશે તોય એ બ્રાહ્મણ નહીં બને. આંબેડકર તો વેદ શીખ્યા હતા ને! પણ તેથી કોઈ બ્રાહ્મણે એના ઘરમાં દીકરી દીધી-લીધી ખરી? નહીં. એટલે આનું જે સ્વરૂપ છે તે સમજી લેવું જોઈએ. માંસાહાર, શાકાહાર વગેરેના સવાલ પણ એમાં આવે છે, પણ એ તદ્દન જૂદી ભૂમિકાના સવાલ છે. જન્મ અને જાતિ સાથે એને કશી લેવાદેવા નથી. એનો વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક રીતે વિચાર કરી શકાય. અને એ કરવો પણ જોઈએ.

બર્નાર્ડ શોને કોઈકે પૂછ્યું કે તમે માંસ કેમ ખાતા નથી? એણે જવાબ આપ્યો: I do not want to eat carcasses—મારે મડદાંનું ભક્ષણ નથી કરવું. ધારો કે હું કાલે મુસલમાન બની જાઉં તો શું મારે માંસ ખાવું ફરજિયાત છે? ખ્રિસ્તી માટે માંસ

ખાવું ફરજિયાત છે ખરું ? એ તદ્દન જુદી ભૂમિકાનો સવાલ છે, એને જાતિના સવાલ સાથે ન ભેળવાય.

## વર્ગ-નિરાકરણ, સંપ્રદાય-નિરાકરણ, જાતિ-નિરાકરણ

તો પહેલી વાત મેં કહી સંપ્રદાય-નિરાકરણની. બીજી વાત છે જાતિ-નિરાકરણ. જાતિ-નિરાકરણ માટે મિશ્ર-વિવાહ જરૂરી છે. પણ એટલાથી પતશે નહીં. સંપ્રદાય-નિરાકરણ માટે સૌ પ્રથમ તો ધર્મ-પરિવર્તન બંધ થવું જોઈએ. બધા ધર્મ સમાન ગણતા હો તો પરિવર્તનની જરૂર શી છે ? તમારે જેની ઉપાસના કરવી હોય તેની કરી શકો છો, એ માટે ધર્મ પરિવર્તન જરૂરી ન ગણાવું જોઈએ, એ બંધ થવું જોઈએ. જાતિ ખતમ કરવી હોય તો સજાતીય વિવાહ બંધ થવા જોઈએ, એ સિવાય જાતિ-નિરાકરણનો બીજો ઉપાય નથી. Alienation—અલગત્વના આ પ્રકાર છે. એ મનુષ્ય મનુષ્ય વચ્ચે વિચ્છેદ ઊભો કરે છે. એનાથી આગળ છે Apartheid—રંગભેદ. કાળા ને ગોરાનો ભેદ. આફ્રિકાના કાળા લોકોને જુદી જગ્યાએ વસાવે છે. એનાથી આગળ છે આભડછેટ. આમ જાતિભેદનું ઉગ્ર સ્વરૂપ છે આભડછેટ. આમાંથી ઝેનોફોબિયા પેદા થાય છે. એનો અર્થ છે પરાયાથી ડરવું, અપરિચિતથી ડરવું. આજની નેશનાલિટી—રાષ્ટ્રીયત્વમાં આ પરાયાનો ડર—ઝેનોફોબિયા છે. આ છે ત્યાં સુધી મનુષ્ય મનુષ્યનું મિલન નહીં થઈ શકે, એકબીજાની નિકટ આવી નહીં શકે. માટે સંપ્રદાય નિરાકરણ, જાતિ-નિરાકરણ અને વર્ગ-નિરાકરણ.

## ભાષા-ભેદ નિરર્થક

બીજી એક વાત. આ વાત હું એકલો જ કહેતો આવ્યો છું; એ છે ભાષાભેદ નિરાકરણની. મારું કહેવું છે કે માણસની કોઈ માતૃભાષા હોતી જ નથી. જાનવરો તો જન્મથી જ પોતપોતાના અવાજ કાઢવા માંડે છે, પણ માણસને તો મા, બહેન વગેરે બધા જ શબ્દો બોલતા શીખવવા પડે છે. આપણા નારાયણ દેસાઈ છે ગુજરાતી, એની સાસુ છે

બંગાળી, સસરા છે ઉડિયા. વળી નારાયણની દીકરી એક મહારાષ્ટ્રીયનને પરણી છે; હવે કહો એનાં બાળકોની માતૃભાષા કઈ ?

હું કહું છું કે આ દેશમાં બે દુર્ઘટનાઓ થઈ—એક તો પાકિસ્તાન અને બીજી ભાષાવાર પ્રાંત-રચના. પરિણામે તામિલનાડુમાં તામિલ બોલનારા જ રહે, કાશ્મીરમાં કાશ્મીરી બોલનારા, આસામમાં અસમિયા બોલનારા અને મહારાષ્ટ્રમાં મરાઠી બોલનારા જ રહેશે. હવે એ ચારેયની યુનિવર્સિટીના લોકો ક્યાંક ભેગા થઈ ગયા તો ઇશારા કરીને જ વાત કરવી રહી, એકબીજાની ભાષા તો સમજે નહીં ! માટે ભાષાનો સંબંધ સંખ્યા સાથે ન હોવો જોઈએ, એનો તો વ્યાપકતા સાથે સંબંધ હોવો જોઈએ. અનુવાદ કર્યા વિના જે ભાષામાં ભિન્ન ભાષાભાષી લોકો વાતચીત કરી શકે તે થઈ વ્યાપક ભાષા.

## ધર્મ અને ભાષા

ધર્મની પણ કોઈ ચોક્કસ ભાષા નથી હોતી. ઉર્દૂ એ મુસલમાનોની ભાષા થોડી જ છે ? તુર્કસ્તાનનો મુસલમાન ઉર્દૂ બોલતો નથી. ઉર્દૂના જ મુદ્દા પર તો બાંગ્લાદેશ છૂટો પડયો. વારુ, આ દેશના ખ્રિસ્તી અને પારસીઓની કઈ ભાષા ગણવી ? હિંદુ ધર્મની પણ કોઈ ભાષા નથી. કોઈ એક ભાષા હોત તો આટલાં રાજ્ય જ શાનાં બનત ? ધારો કે કાલે હું શીખ બની જાઉં તો શું મારે ગુરુમુખી શીખવી પડશે ? હું ચંડીગઢથી ભાખરા-નાંગલ ગયો હતો, ત્યાં હું તો સાવ અભણ સાબિત થયો. માઈલના પથ્થર અને નામનાં પાટિયાં પણ વાંચી શકતો નહોતો. ખુદ મારું નામ દાદા ધર્માધિકારી લખ્યું હોય તોય હું વાચી શકતો નહોતો.

## લિપિ અને ભાષા

આ દેશમાં તો ખરું તૂત ચાલ્યું છે, લિપિને ભાષા માની લે છે. રોમન લિપિમાં ‘ સરદાર ગૃહ ’ લખ્યું હોય તો અંગ્રેજી થઈ ગયું અને ‘ ગ્રાન્ડ હોટલ ’ નાગરીમાં લખ્યું હોય તો હિંદી થઈ ગયું. આ

બધું મારા તો માથામાં જ નથી ઊતરતું. લોકો રોમન અક્ષરોવાળું લખાણ ભૂંસી નાખવા મંડયા હતા. 'દાદા ધર્માધિકારી' રોમન લિપિમાં લખ્યું હોય તો ભૂંસો ભૂંસો! અને એ આંદોલનના નેતા કોણ હતા? વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો! આ બધા જ ભણેલાગણેલા! દયા આવે છે મને તો એમની બુદ્ધિ પર! ભાષા ને લિપિનો ભેદ પણ સમજતા નથી!

વિનોબાએ એક વાત સુઝાડી છે: રાખવી હોય તો જુદી જુદી ભાષા ભલે રાખો, પણ કમ સે કમ લિપિ તો એક કરો! ધારો કે 'સત્યમેવ જયતે' લખ્યું છે. તો બધા વાંચી તો શકે. વાંચીયે ન શકે અને એકબીજાની વાત પણ સમજી ન શકે તો થશે શું?

## અખિલ ભારતીય ભાષા-લક્ષણો

તમે એક ભાષાનો આગ્રહ કરો એટલે સામાવાળાના દિલમાં એની ભાષા માટેનો આગ્રહ પેદા કરો છો. હિંદીભાષીઓમાં પ્રાંતીયતા યા ક્ષેત્રવાદ નથી એટલે હિંદી અખિલ ભારતીય ભાષા બની શકે. એમનામાં આવે તો ભાષિક સામ્રાજ્યવાદ આવી શકે. એમને ત્યાં અખિલ ભારતીય નદીઓ અને તીર્થો છે એટલે એમને ક્ષેત્રવાદ પોષાય તેમ નથી; એમને તો અખિલ ભારતીયતા જ વધારે ફાવે. એ લોકોએ હિંદી માટે આગ્રહ કર્યો એ વાત ખરી, પરંતુ આપણે ભૂલવું ન જોઈએ કે હિન્દી આ દેશની વ્યાપક ભાષા છે, ઘણા લોકો એ ભાષા બોલી સમજી જાણે છે.

ભાષાની ત્રણ કસોટી છે. એક, એ અહીંની ભાષા હોવી જોઈએ; બીજી, એ સહજ મોઢે આવતી (સ્પોન્ટેનીયસ) ભાષા હોવી જોઈએ, એટલે કે અપરિચિત લોકો ભેગા થાય ત્યારે સહજ જે ભાષામાં બોલવા પ્રેરાય તેવી હોવી જોઈએ. અને ત્રીજી કસોટી, એ કોઈકની ભાષા હોય, આસમાનની ન હોય. આ ત્રણે કસોટીમાંથી કેવળ હિન્દી પાર ઊતરે છે. છતાં એને માટે પણ આગ્રહ ન હોવો જોઈએ. હિન્દી માટે

સૌ પ્રથમ અખિલ ભારતીય પ્રવાસ ખેડયો સ્વામી દયાનંદ સરસ્વતીએ. એ કોઈ ધર્મ માટેનો પ્રવાસ નહોતો, નાગરિકતા માટેનો હતો. બીજો પ્રવાસ ૧૯૦૭ માં સુરેન્દ્ર બેનરજીએ અંગ્રેજી માટે ખેડયો. પંડિતો માટે જેમ સંસ્કૃત તેમ ભણેલાગણેલાઓ માટે સામાન્ય ભાષા અંગ્રેજી થઈ. એ રીતે જોતાં હિન્દી કરતાં અંગ્રેજીની ભૂમિકા વધારે વ્યાપક રહી.

## ભાષા, પહેરવેશ અને ચહેરો

મિત્રો, ભાષામાં મારી તારી નથી હોતી. કારણ, ભાષા પોતાને માટે હોતી જ નથી. માણસનો પહેરવેશ, ચહેરો અને ભાષા પોતાને માટે નથી હોતાં. માણસ પોતાનો ચહેરો આયનામાં જુએ છે તે એટલા માટે કે બહાર નીકળીશ ને બીજા જોશે તો કેવો લાગીશ? તેવી રીતે ભાષા પણ બીજાને વાત કહેવા, સમજાવવા માટે છે. એટલે ભાષિક સંકુચિતતા એ તો અસંસ્કૃતિની નિશાની છે.

ભાષા કરતાં માણસ મોટો છે. મારે બીજા સાથે વાત કરવી છે, બોલવું છે તેથી ભાષા છે. 'ગીતા રહસ્ય' લખાયું મૂળ મરાઠીમાં, પછી એનો અનુવાદ અનેક ભાષાઓમાં થયો. તો શું એમાં મરાઠીનું અપમાન થયું કે ગૌરવ? એમાં તો આપણે ગૌરવ માન્યું. બીજું, મનુષ્યની ભાષાનો અનુવાદ થઈ શકે છે, એકબીજાની ભાષા શીખી પણ શકાય છે. અરે, ઝઘડો કરવો હોય તોય એક ભાષા હોય તો જ થઈ શકે છે.

## જોડે તે સંસ્કૃતિ, તોડે તે વિકૃતિ

પટ્ટાભી સિતારામૈય્યાએ એક પુસ્તક લખ્યું છે—કોંગ્રેસનો ઈતિહાસ. એમાં એક વાકય છે 'ધિઝ ગ્રેટ લીડર્સ વર કેનનાઈઝ્ડ.' આમાં કેનન શબ્દ છે તેથી અનુવાદકે બાફયું— આ મહાન નેતાઓને તોપને ગોળે ઉડાડી મેલવામાં આવ્યા. ખરી રીતે એનો અર્થ થાય છે—આ મહાન નેતાઓને દેવ સમાન લેખવામાં આવ્યા. તેથી મારા દિલમાં એક સ્વપ્નું છે—અરમાન છે કે એક દિવસ એવો આવે જયારે આપણી ભાવાત્મક

એકતા એટલી પાકી થઈ ગઈ હોય કે કમમાં કમ ભણેલાગણેલા લોકો તો એકબીજા સાથે અનુવાદ વગર સીધા એક ભાષામાં વાત કરી શકે. એક તબક્કાવાર કાર્યક્રમ બનાવી આ ધ્યેયને પહોંચવા પ્રયત્ન કરવા જોઈએ. એમાં બે જ ભાષામાંથી પસંદગી કરવાની રહેશે—એક અંગ્રેજી અને બીજી હિન્દી. આમાં ફરજિયાત કશું જ નહીં. જેને જે જોઈએ તે શીખે. જે ભાષા ટકી શકે તેમ હશે તે ટકશે. પરંતુ ભાષાનો ભેદ માણસોને વિખૂટા પાડે એવું થવા ન દેશો. માણસ માણસને જોડે તે સંસ્કૃતિ, માણસ માણસને તોડે એ વિકૃતિ.

## રખે એ વાત સાચી પાડતા

રાધાકુમુદ મુકરજીએ એક પુસ્તક લખ્યું છે—ધ ફન્ડામેન્ટલ યુનિટિ ઓફ ઈન્ડિયા. એમાં એમણે લખ્યું છે કે આ દેશમાં લોકશાહી આવશે તોયે સાંપ્રદાયિક લોકશાહી આવશે. બિહારમાં શું, મહારાષ્ટ્રમાં શું કે દેશભરમાં શું આજે જે રાજ્યો છે તે ભાષિક અને જાતિવાદી છે. સાંસ્કૃતિક ક્રાંતિ કરવી હશે તો વર્ગ, સંપ્રદાય, જાતિ અને ભાષા આ બધા ભેદોનું નિરાકરણ કરવું પડશે. સાથે સ્ત્રી-પુરુષ ભેદનું પણ નિરાકરણ કરવું પડશે.

## સ્ત્રી-પુરુષ ભેદ નિરાકરણ અને બ્રહ્મચર્ય

સ્ત્રી-પુરુષ ભેદ નિરાકરણ માટે બ્રહ્મચર્યને as a social value —સામાજિક મૂલ્ય તરીકે માનું છું. એનાં લક્ષણ ટૂંકમાં કહું. પહેલું લક્ષણ, કોઈપણ સ્ત્રી પુરુષથી નહીં ડરે. બીજું, પુરુષ કોઈ સ્ત્રી પર આક્રમણ નહીં કરે. પુરુષને સ્ત્રી-શરીરની અભિલાષા નથી, સ્ત્રીને પુરુષનો ડર નથી, એવી પરિસ્થિતિ આપણે સમાજમાં ઊભી કરવી પડશે. એવી સ્ત્રીઓ મેં જોઈ છે જે ભૂતથી, વાઘથી કે આંધી તોફાનથી નથી ડરતી પણ પુરુષથી ડરે છે. એને માટે એ સૌથી ભયાનક છે. સ્ત્રીએ પુરુષનો ડર છોડી દેવો રહ્યો. આ વાત હું છેલ્લાં પચાસ વરસથી કહેતો આવ્યો છું, પણ મારી મા, મારી પત્ની, મારી દીકરી કે મારી પૌત્રી

કોઈ કહેતાં કોઈને ગળે મારી વાત ન ઊતરી. કહેતાં કહેતાં હુંય થાકયો. એક મૃદુલા સારાભાઈ એવી સ્ત્રી મળી જેણે કહ્યું કે શું થવાનું હતું? બળાત્કાર થઈ શકે એવું શરીર મળ્યું છે તો થાય! મરવા માટેની તૈયારી રાખીશ એટલે બળાત્કાર મારા મડદા પર થશે. બીજી એક બહેન નીકળી પ્રેમાબાઈ કંટક. એક વાર આશાદેવીજીએ ભાષણમાં કહ્યું કે માતૃત્વ વિના સ્ત્રીનું જીવન સાર્થક નથી થતું. સાંભળીને પ્રેમાબાઈ ઊભાં થઈ ગયાં. કહે, ત્યારે તો મારું જીવન વ્યર્થ ગયું. ત્યાં વિનોબા પણ બેઠા હતા. એટલે દાખલો દેતાં પ્રેમાબાઈએ કહ્યું કે વિનોબા પિતા ન બન્યા તો ધન્ય થઈ ગયા અને હું માતા નહીં બની તો મને ધુત્કાર! સ્ત્રી જીવનમાંથી માતૃત્વની આ અનિવાર્યતા નીકળી જવી જોઈએ. માતૃત્વ એ સંસ્કૃતિનું ગૌરીશંકર શિખર છે. એમ તો પિતૃત્વ પણ સંસ્કૃતિનું ગૌરીશંકર જ છે, પરંતુ પુરુષ માટે એ અનિવાર્ય નથી. સ્ત્રી માટે માતૃત્વ જ્યારે અનિવાર્ય નહીં રહે ત્યારે સ્ત્રી મનુષ્ય બનશે. બાકી તો જ્યાં સુધી સ્ત્રી પુરુષને દરવાજે લગ્નની ઉમેદવાર બનીને ઊભી રહેશે ત્યાં સુધી પુરુષ પોતાની ફી માગતો રહેવાનો જેને તમે દાયજો, વાંકડો પૈઠણ કહો છો. આ વાંકડા-ની પ્રથા કાઢવી હોય તો છોકરીએ છોકરાને કહેવું પડશે કે તને લગ્નની ગરજ નથી તો જા, મને પણ નથી. સો છોકરા ના પાડશે તો પણ એ સોમાંથી ૯૮ નાં લગ્ન તો થવાનાં જ; તેમ સો છોકરીઓ ના પાડનારી નીકળશે તો પણ એમનાં પણ લગ્ન થવાનાં જ. પ્રશ્ન છે સામે મોઢે આ સવાલનો સામનો કરવાનો. આને હું સામાજિક બ્રહ્મચર્ય કહું છું.

બ્રહ્મચર્ય એક સામાજિક મૂલ્ય તરીકે એટલે Parity of sexes —જાતીય સમાનતા. એનો અર્થ એટલો જ છે કે પુરુષ આક્રમણ નહીં કરે અને સ્ત્રી એનાથી ડરશે નહીં. આવો સમાજ બનવો જોઈએ. આજે તો મહોલ્લાને નાકે ટોળું વળીને ઊભા હોય છે, એમાં ખાલી ગુંડા જ

હોય છે એમ નથી, એમાં કોલેજના છોકરા પણ હોય છે, એ બધા છોકરીઓમાં બીકની ભાવના ઊભી કરે છે. એન.સી.સી. ની છોકરી એન.સી.સી. ના છોકરાથી, સ્ત્રી-પોલીસ પુરુષ-પોલીસથી, અને સ્ત્રી-સૈનિક-પુરુષ-સૈનિકથી ડરે છે. સ્ત્રી પ્રાઈમ મિનિસ્ટર જ ભલે ને થઈ જતી, એના પતિ યા પિતાના મનમાં એ બીક રહે છે કે રખેને કોઈ ભગાડી લઈ જાય ! મિત્રો, આ સ્ત્રી-જીવનનો અંતિમ પ્રશ્ન છે, અંતિમ મોરચો છે. અહીં જ એણે આખરી લડાઈ લડવી પડવાની છે. બાકી સ્ત્રી-સંમેલનો વગેરેથી કંઈ વળવાનું નથી. તો સાંસ્કૃતિક ક્રાંતિના આ ચાર આયામ છે. એ પૂરા ન થાય તો ત્યાં સુધી વિજ્ઞાન માણસ-જાતને બચાવી શકશે તેની ખાતરી નથી.

## રખે આને માનવતાનું કબ્રસ્તાન બનાવી દેતા !

એક વાર એચ. વી. કામત અને હું નાગપુરથી નીકળી આગ્રા ગયા. આગ્રામાં રોકાયા. તો કામત સાહેબના ડ્રાઈવરે પૂછ્યું—અહીં શું છે તે રોકાયા ? મેં કહ્યું, “બતાવું શું છે તે.” એમ કરી તાજમહેલ લઈ ગયો ને એને બતાવ્યો. એણે આ બાજુથી ને તે બાજુથી ખૂબ ધ્યાનથી જોયું ને પછી સવાલ કર્યો, “આ છે શું ?” મેં કહ્યું, “દુનિયાની સૌથી સુંદર ઈમારત !” પછી એણે મને જે સવાલ પૂછ્યો એ તો મેં ન કોઈ સ્કૂલમાં, ન કોઈ પુસ્તકમાં કદી જોયો સાંભળ્યો હતો. એણે પૂછ્યું, “આમાં કોણ રહે છે ?” એનો સવાલ સાવ સ્વાભાવિક હતો. મેં જવાબ વાળ્યો, “એમાં કોઈ નથી રહેતું.” એટલે એણે વળતો સવાલ કર્યો, “તો પછી એમાં હોસ્પિટલ છે કે સ્કૂલ છે ?” મેં કહ્યું, “સ્કૂલ પણ નથી ને હોસ્પિટલ પણ નથી.” “તો શું ધર્મશાળા છે ?” “ના, ધર્મશાળા પણ નથી.” “તો પછી આ છે શું ?” મેં કહ્યું, “એક રાજા અને એક રાણીની આ કબર છે.” એ તો વિસ્મિત થઈ ગયો. કહેવા લાગ્યો, “અરે બાપ રે, તમે સવારના પહોરમાં મને સ્મશાનમાં લઈ આવ્યા !”

આપણે ભણેલાગણેલાઓએ આ અભણો પાસે ભણવું જોઈશે.

એ લોકો અભણ હોય છે, પણ એમનામાં કોઠાસૂઝ હોય છે જેનો ભણતર સાથે કશો સંબંધ નથી. એ ડ્રાઈવરે મને એક આંચકો આપ્યો. મને થયું, વિજ્ઞાને દુનિયાને સુંદર તો બનાવી, સાધન-સંપન્ન બનાવી, પણ માણસોની મૂર્ખતા, સંકુચિતતા, આગ્રહો વગેરેને લીધે એ એક દહાડો માનવતાનું સુંદર કબ્રસ્તાન તો નહીં બની જાય !

આ દુનિયાને કબ્રસ્તાન બનતાં રોકવી હોય તો ત્રણ વાત કરવી પડશે. વિનોબા એને કહે છે વેદાન્ત, વિજ્ઞાન અને વિશ્વાસ. વિજ્ઞાનના એક હાથ પર મૂકયું વેદાન્ત. વેદાન્ત એટલે માનવતા, ને બીજી તરફ મૂકયો વિશ્વાસ. ઝેનોફોબિયા (પરાયાની ભડક) નહીં. પરદેશીનો ડર નહીં. સ્ત્રી-પુરુષમાં વિશ્વાસ, કાળા-ગોરામાં વિશ્વાસ, ઊંચી જાતિ ને નીચી જાતિમાં વિશ્વાસ, ગરીબ-અમીરમાં વિશ્વાસ. પણ આ થાય કયારે ? ગાંધીએ કહ્યું હતું કે મારા સ્વરાજયમાં રાજા અને રંક સમાન હશે. લોકોને થયું વાહ, બહુ સારી વાત કહી. રાજા રાજા રહેશે અને રંક રંક રહેશે અને બન્ને વળી સમાન રહેશે. ૧૯૧૦ માં એક વાર સરકસ જોવા ગયો હતો. વાઘ ને બકરી એક જ વાસણમાં પાણી પીતાં હતાં. ત્યાં એક પાટિયું મારેલું હતું. પાટિયા પર લખેલું હતું ' અંગ્રેજ રાજ '. સાથે મારા કાકા હતા, મેં એમને પૂછયું કે આણે અંગ્રેજ રાજ કેમ લખ્યું છે. તો કહે કે અંગ્રેજ રાજમાં આવું બની રહ્યું છે તે દેખાડવા લખ્યું લાગે છે. પહેલાં રામરાજયમાં એવું બનતું હશે, હવે અંગ્રેજના રાજમાં પણ વાઘ-બકરી એક ઘાટ પર પાણી પીએ છે. મેં કહ્યું, ' ખોટી વાત લખી છે. આમાં અંગ્રેજનું રાજ કયાં આવ્યું ? આ તો રિંગ માસ્ટરનું રાજ છે ! અને રામરાજય તો ત્યારે થયું ગણાય જયારે વાઘની ક્રૂરતા ને બકરીનું બીકણપણું જતું રહ્યું હોય. ' તેમ રાજાનું રાજાપણું ને રંકનું કંગાળપણું બન્ને સમાપ્ત થાય ત્યારે એમનો મોભો સમાન થાય, ત્યારે એ લોકો સરખા દરજ્જાના ગણાય. એ પહેલાં

એ સરખાં ન જ ગણાય. મિત્રો, ગરીબની ગરીબી, અમીરની અમીરી, બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ, ભંગીનું ભંગીપણું, હિન્દુનું હિન્દુપણું ને મુસલમાનની ઇસ્લામિયત—આ બધાનું નિરાકરણ થશે ત્યારે શુદ્ધ માનવ માનવ મળશે, ભેગા થશે, એક થશે અને ત્યારે જ સંપૂર્ણ ક્રાંતિ થશે જેમાં પછી પ્રતિક્રાંતિનો ડર નહીં રહે.

## ઝુકાવશો તો સફળતા તમારી છે

લોક પૂછે છે કે તમે કહો છો તેવી આદર્શ મંજિલે ક્યારેય પહોંચાશે ખરું ? પેલો ડેડેલસ હતો ને, એણે પોતાના દીકરા માટે પાંખ બનાવી આપી કે ક્યારેક ઊડશે ! એ વખતે તો બિચારો ઊડવા જતાં ભોંય પર પટકાયો હતો, પરંતુ એમાંથી જ માનવ જાત આગળ વધી. આજે તો કૂતરા ને હાથી પણ હવામાં ઊડે છે.

આપણે એ આદર્શને પહોંચવું હશે તો મથવું પડશે, દોડવું પડશે. ક્યાંકથી આરંભ કરવો પડશે. ભલેને મુઠ્ઠીભર માણસો જ હોય. નિષ્ફળ જશે તો એ નિષ્ફળતામાં પણ મોટું ગૌરવ હશે. ટે. મૅકિસબનીએ ૭૬ દિવસના ઉપવાસને અંતે મરતી વખતે જે વાક્ય કહ્યું હતું તે આજે પણ મારા કાનમાં ગુંજે છે. એણે કહ્યું હતું : One armed man can be conquered by two, two by twenty, 20 by 200, 200 by an army, an army by countless legion, but not all the armies of all the empires on the world can crush the spirit of a true man—એક સશસ્ત્ર આદમીને બે સશસ્ત્ર આદમી હરાવી શકે, બેને વીસ જણ હરાવી શકે, વીસને બસો, બસોને એક સૈન્ય અને સૈન્યને અસંખ્ય સેના હરાવી શકે. પણ દુનિયાનાં તમામ સામ્રાજ્યોની સેનાઓ ભેગી મળીને પણ એક આત્મવાન પુરુષને પરાજિત કરી નહીં શકે.

* *

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*